

# ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 248
Dt.: 20-05-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### છત્તીસગઢમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મોટો દાવો

# છત્તીસગઢમાં હવે ભયનો માહોલ ખત્મ, બસ્તર હવે નક્સલ મુક્તઃ અમિત શાહ

(સંપૂર્ણ સમાચાર સેવા)છત્તીસગઢ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે છત્તીસગઢમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મોટો દાવો કરતા જણાવ્યું કે બસ્તર સહિત સમગ્ર દેશમાં નક્સલવાદનો લગભગ સંપૂર્ણ સફાયો થઈ ગયો છે. તેમણે કહ્યું કે એક સમય એવો હતો જ્યારે બસ્તર જિલ્લો નક્સલીઓથી સૌથી વધુ પ્રભાવિત વિસ્તાર માનવામાં આવતો હતો, પરંતુ હવે અહીંથી નક્સલવાદ સંપૂર્ણપણે ખતમ કરવામાં સફળતા મળી છે. રાજ્યમાં હવે ભયનું વાતાવરણ સમાપ્ત થયું હોવાનું પણ તેમણે જણાવ્યું. અમિત શાહે કહ્યું કે નક્સલવાદ ખતમ થયા બાદ તેઓ પ્રથમ વખત બસ્તર આવ્યા છે અને હવે અહીં વિકાસના નવા યુગની શરૂઆત થઈ રહી છે. તેમણે જણાવ્યું કે છત્તીસગઢમાં વિકાસ ન થવાનું મુખ્ય કારણ નક્સલવાદ હતું. ૧૯ મે ૨૦૨૬ની તારીખને ઐતિહાસિક ગણાવતા તેમણે કહ્યું કે હવે બસ્તરના આદિવાસી વિસ્તારોમાં વિકાસ કાર્યોને વધુ ગતિ આપવામાં આવશે. ગૃહમંત્રીએ જાહેરાત કરી કે બસ્તરના દરેક આદિવાસી પરિવારને એક ગાય અને એક ભેંસ આપવામાં આવશે. સાથે જ બસ્તર વિસ્તારમાં મોટું ડેરી નેટવર્ક ઉભું કરવાની યોજના પણ સરકાર બનાવી રહી છે. જંગલમાંથી મળતા વનઉત્પાદનોનો સીધો લાભ આદિવાસીઓ સુધી પહોંચાડવા માટે ખાસ આયોજન કરવામાં આવશે. આ દરમિયાન તેમણે ભારતીય જનતા પાર્ટી સરકારની કામગીરીની પ્રશંસા કરતા કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું. તેમણે આરોપ લગાવ્યો કે અગાઉની કોંગ્રેસ સરકારે નક્સલવાદના ઉન્મૂલનમાં પૂરતું સહકાર આપ્યો નહોતો. ડિસેમ્બર ૨૦૨૩માં ભાજપ સરકાર બન્યા બાદ નક્સલવાદ વિરુદ્ધ કાર્યવાહી વધુ તેજ કરવામાં આવી હતી. અમિત શાહે નક્સલમુક્ત ભારત બનાવવામાં સુરક્ષા દળોના યોગદાનની પણ પ્રશંસા કરી અને કહ્યું કે જવાનોના બલિદાનથી જ આ સફળતા શક્ય બની છે. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાય અને ગૃહમંત્રી વિજય શર્મા પણ હાજર રહ્યા હતા.



## દરિયામાં નાંખેલા કેબલ પર ટેક્સ આપો, નહીં તો ઈન્ટરનેટ ઠપ કરી દઈશુંઃ ઈરાનની ધમકીથી દુનિયાભરમાં ફફડાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી દુનિયાભરમાં આ સમયે સ્થિતિ ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે. ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવની અસર હવે માત્ર યુદ્ધના મેદાન સુધી સીમિત નથી રહી, પરંતુ તેની અસર ક્રૂડ ઓઈલની કિંમતોથી લઈને ગ્લોબલ સપ્લાય અને ઈન્ટરનેટ સુધી પહોંચી ગઈ છે. આ જ કારણ છે કે હવે આ જંગ માત્ર બે દેશોની લડાઈ નથી રહી, પણ આખી દુનિયા માટે મોટી મુશ્કેલી બની ગઈ છે. સૈન્ય કાર્યવાહીથી શરૂ થયેલો આ વિવાદ હવે ધીમે-ધીમે સામાન્ય લોકોની જિંદગીના દરેક હિસ્સાને પ્રભાવિત કરી રહ્યો છે. ઓઈલ અને બજાર પર અસર બાદ હવે દુનિયા સામે એક નવી ચિંતા આવી છે અને તે છે ઈન્ટરનેટ. હવે ઈન્ટરનેટ પણ દબાણ લાવવા માટેનું એક મોટું હથિયાર બની શકે છે.હાલમાં જ ઈરાનના સૈન્ય પ્રવક્તા ઈબ્રાહિમ જોલ્ફાઘરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક મોટી વાત કહી છે. તેમણે જણાવ્યું કે હવે તેઓ ઈન્ટરનેટ કેબલ પર ટેરિફ લગાવશે. આનો અર્થ એ થયો કે સમુદ્રની નીચે બિછાવેલી ઈન્ટરનેટ કેબલનો ઉપયોગ કરવા માટે દુનિયાની કંપનીઓએ ઈરાનને પૈસા ચૂકવવા પડી શકે છે. આ ચિંતાજનક બાબત છે, કારણ કે દુનિયાનું મોટાભાગનું ઈન્ટરનેટ આ જ કેબલ પર ચાલે છે. આપણે જે ઈન્ટરનેટ વાપરીએ છીએ, તે વાસ્તવમાં સમુદ્રની નીચે બિછાવેલી ફાઈબર કેબલ દ્વારા એક દેશને બીજા દેશ સાથે જોડે છે.આ આખા મામલાને સમજવા માટે જ્યારે ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું, ત્યારે સામે આવ્યું કે 'સ્ટ્રેટ ઓફ હોર્મુજ'ની નીચે ઈન્ટરનેટ કેબલનું એક બહુ મોટું નેટવર્ક આવેલું છે. આ વિસ્તાર માત્ર ઓઈલના સપ્લાય માટે જ નહીં, પરંતુ ડિજિટલ દુનિયા માટે પણ અત્યંત મહત્ત્વનો છે. ઈન્ટરનેશનલ સંસ્થાના ડેટાના આધારે તપાસ કરી તો જાણવા મળ્યું કે, આ વિસ્તારમાંથી FALCON, GBICS, 2Africa, SeaMeWe ૬ અને AAE ૧ જેવી ઘણી મોટી ઈન્ટરનેટ કેબલ્સ પસાર થાય છે, જે એશિયા, આફ્રિકા અને યુરોપ વચ્ચેના ઈન્ટરનેટ ટ્રાફિકને સંભાળે છે. જો આ વિસ્તારમાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો તેની સીધી અસર કેટલાય દેશો પર એકસાથે પડી શકે છે.આ વિવાદ ભારત માટે પણ ખૂબ જ ચિંતાજનક છે, કારણ કે આમાંની ઘણી ખરી કેબલ્સ સીધી ભારત સુધી આવે છે અને મુંબઈ તેમજ ચેન્નાઈ સાથે જોડાય છે.

## અમેરિકાએ અદાણી સામેના આરોપ પડતા મુક્યા, તમામ કેસ બંધ કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન અમેરિકાના જસ્ટિસ વિભાગે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રિજા સાગર સામેના તમામ આરોપોને પડતા મુક્યા છે આ સાથે જ અદાણી સામે જે કેસ ચાલી રહ્યો હતો તેને બંધ કરી દેવામાં આવ્યો છે. અદાણી અને અમેરિકન પ્રશાસન વચ્ચે સમજૂતી બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મામલાના નિકાલ માટે અદાણી અમેરિકાને ૨૭.૫ કરોડ ડોલર ચૂકવવા તૈયાર થઈ ગયા છે. અમેરિકાના ટ્રેજરી વિભાગ દ્વારા દાવો કરાયો હતો કે અદાણી એન્ટરપ્રાઈઝે દુબઈ સ્થિત એક ટ્રેડર પાસેથી એલપીજીની શિપમેન્ટ ખરીદી હતી, આ ગેસ ઓમાન કે ઈરાકથી સપ્લાય થયો હતો જોકે અમેરિકાનો દાવો હતો કે આ ગેસનો મુળ સ્રોત ઈરાન હતું. ઈરાન પાસેથી ગેસની ખરીદી અમેરિકી પ્રતિબંધ નીતિનું ઉલ્લંઘન હતું તેવો દાવો અમેરિકાએ કર્યો હતો. આ મામલામાં હવે અમેરિકા દ્વારા અદાણી સામે કોઈ જ કાર્યવાહી કરવામાં નહીં આવે. હાલમાં અમેરિકા દ્વારા અદાણી સામે કરાયેલા લગભગ તમામ કેસો પરત ખેંચી લેવાની કામગીરી ચાલી રહી છે. ગત સપ્તાહે જ અમેરિકાના સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ કમિશને સિવિલ મામલામાં સેટલમેન્ટ કરી લીધુ હતું, કોર્ટ ફાઈલિંગ મુજબ આ મામલે ગૌતમ અદાણી ૬ મિલિયન ડોલર જ્યારે સાગર અદાણી ૧૨ મિલિયન ડોલર આપવા તૈયાર થયા હતા.

### UAPA કેસમાં ૯૦ ટકા આરોપી છૂટી જાય છે

## જામીન એ કાયદો છે અને જેલ એ અપવાદ છેઃ સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ભારતીય ન્યાયસંહિતામાં 'જામીન એ કાયદો છે અને જેલ એ અપવાદ છે'ના વિચારને માત્ર ખોખરુ સૂત્ર નહીં સમજવા સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક તાકિદ કરી હતી. અગાઉ 5 જાન્યુઆરીના રોજ UAPA હેઠળ નોંધાયેલા કેસમાં અપાયેલા ચુકાદામાં સુપ્રીમ કોર્ટે 2020 દિલ્હી રમખાણ ષડયંત્ર કેસના આરોપીઓ એક્ટિવિસ્ટ ઉમર ખાલિદ અને શેરજિલ ઈમામને જામીન નામંજૂર કરાયા હતા. સુપ્રીમ કોર્ટે પોતાના જ આ ચુકાદા સામે સવાલ ઊઠાવ્યા હતા અને એક વર્ષ બાદ સંરક્ષિત સાક્ષીની તપાસની પ્રક્રિયા બાદ નવેસરથી જામીન અરજી કરવા છૂટ આપી હતી. જસ્ટિસ બી વી નાગરત્ન અને ઉજ્જલ ભુયાનની બેન્ચે નાર્કો ટેરર કેસના આરોપી જમ્મુ-કાશ્મીરમાં હંદવારાના રહીશ સૈયદ ઈફ્તિખાર અંદરાબીની જામીન ગ્રાહ્ય રાખ્યા હતા. એનઆઈએ દ્વારા નાર્કો ટેરર કેસમાં ઈફ્તિખારની ધરપકડ કરવામાં આવી હતી. જામીન ગ્રાહ્ય રાખવાની સાથે સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતની અન્ય બેન્ચે સ્વીકારેલા તર્કની સામે ગંભીર વાંધો છે. 5 જાન્યુઆરીના રોજ જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ એન વી અંજારિયાની બેન્ચે ખાલિદ તથા ઈમામના જામીન ફગાવી દીધા હતા. જેના કારણે એક વર્ષ સુધી જામીન માગવાનો અધિકાર રહેતો ન હતો.જસ્ટિસ ભુયાને અગાઉ 5 જાન્યુઆરીના રોજ અપાયેલા ચુકાદાના વિવિધ પાસાની ટીકા કરી હતી. તેમણે નોંધ્યુ હતું કે, ગુલફિશા ફાતિમા કેસમાં અપાયેલા ચુકાદામાં નજીબને માત્ર અપવાદ ગણવો જોઈએ. કલમ 43 ડી (5) હેઠળ અંતિમવાદી વાસ્તવિક પરિસ્થિતિ દર વખતે લાગુ પડી શકે નહીં. બંધારણ હેઠળ ગુનો પુરવાર ન થાય ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે અને આ કાયદા સાથે જ સભ્ય સમાજ ચાલે છે.UAPA હેઠળ નોંધાયેલા ગુનામાં આરોપીઓના નિર્દોષ છૂટી જવાનું પ્રમાણ 90 ટકા જેટલું છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે જમ્મુ-કાશ્મીરના રહીશ સૈયદ ઈફ્તિખારના જામીન ગ્રાહ્ય રાખતા NCRB (નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો)ના આંકડાનો સંદર્ભ આપ્યો હતો. જે મુજબ, 2019-2023ના પાંચ વર્ષ દરમિયાન UAPAના આરોપીઓ ગુનેગાર સાબિત થવાનું પ્રમાણ માત્ર 2થી 6 ટકા જેટલું છે. UAPAના 94થી 98 ટકા આરોપીઓ નિર્દોષ છૂટી જતા હોય છે.



### તમામ યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં સમસ્યા ઉકેલવાના તમામ પ્રયાસોને બંને દેશનું સમર્થન

## શસ્ત્રોથી કોઈ સમસ્યા નહીં ઉકેલાય, સંવાદ જરૂરીઃ ભારત-નોર્વેનો એક સૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)ઓસલો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નોર્વેના વડાપ્રધાન જોનાસ ગર સ્ટોર વચ્ચે વિવિધ મુદ્દાઓ પર વાટાઘાટો દરમિયાન યુક્રેન અને પશ્ચિમ એશિયામાં તણાવને ઉકેલવા આહવાન થયું હતું. બંને દેશના નેતાઓએ એકસૂરે જણાવ્યું હતું કે, શસ્ત્રોથી કોઈ સમસ્યાનો ઉકેલ આવી શકે નહીં. સંવાદ અને રાજદ્વારી પ્રયાસો થકી સમાધાન શોધાવું જોઈએ. યુરોપીયન દેશો સાથે થયેલા 100 અબજ ડોલરના કરારનું સ્મરણ કરી વડાપ્રધાન મોદીએ આ સમયને ભારત-યુરોપ સંબંધોનો સુવર્ણ યુગ ગણાવ્યો હતો.નોર્વે પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદી અને સ્ટોર વચ્ચે ક્લીન એનર્જી, પર્યાવરણ જાળવણી, બ્લ્યૂ ઈકોનોમી, ગ્રીન શિપિંગ, ડિજિટલ ટેકનોલોજી, સ્પેસ અને આર્કટિક રીસર્ચ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધાવા મંત્રણા થઈ હતી. મંત્રણા બાદ એક નિવેદનમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, નોર્વે અને ભારત બંને માને છે કે, કાયદા આધારિત વ્યવસ્થા જ હોવી જોઈએ અને સંવાદ-રાજદ્વારી પ્રયાસોને અગ્રતા મળવી જોઈએ. કોઈ પણ મુદ્દાને સૈન્ય ઘર્ષણથી ઉકેલી શકાય નહીં. યુક્રેન કે પશ્ચિમ એશિયા સહિત દરેક તણાવના ઉકેલમાં સહકાર આપવા માટે બંને દેશ કટિબદ્ધ છે. સંઘર્ષનો અંત લાવવા અને શાંતિ સ્થાપવાના દરેક પ્રયાસને બંને દેશનું સમર્થન છે. ભારત-નોર્વેના સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા હોવાનું જણાવીને મોદીએ તેને ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ગણાવ્યા હતા. ભારતની ઝડપ, ટેલેન્ટ અને સ્કેલની સાથે નોર્વેની ટેકનોલોજી અને કેપિટલના સમન્વયથીબંને દેશ પાર્ટનરશિપમાં ક્લીન એનર્જીથી માંડી ક્લાઈમેટ રેસિલિયન્સથી અને બ્લ્યૂ ઈકોનોમીથી માંડી ગ્રી શિપિંગ સુધીના ગ્લોબલ સોલ્યુશન્સ આપશે. ભારત-યુરોપના સંબંધો માટે વર્તમાન સમયને સુવર્ણ યુગ ગણાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, યુરોપના દેશો ભારતમાં 100 અબજ ડોલરનું રોકાણ કરવાના છે. તેનાથી આગામી 15 વર્ષમાં લાખો રોજગારીનું સર્જન થશે.

ગત વર્ષે નોર્વે મુલાકાતનું આયોજન થયુ હતું, પરંતુ પહેલગામમાં આતંકવાદી હુમલાના પગલે આ મુલાકાત મોકૂફ રહી હતી. કપરા સમયમાં નોર્વેએ ભારતની સાથે રહી આતંકવાદનો વિરોધ કર્યો હતો અને મજબૂત મિત્રતા દર્શાવી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાંચ દેશની મુલાકાત દરમિયાન સ્વીડન સાથે દ્વિપક્ષી સંબંધો સુદૃઢ બનાવવા સંયુક્ત એક્શન પ્લાન (2026-30) જાહેર થયો હતો. જેમાં નેક્સ્ટ જનરેશન ઈકોનોમિક પાર્ટનરશિપને ઈમર્જિંગ ટેકનોલોજી અને ટ્રસ્ટેડ કનેક્ટિવિટી સાથે આગળ વધારવા અને ઈન્ડિયા-સ્વીડન જોઈન્ટ ઈનોવેશન પાર્ટનરશિપ 2.0 શરૂ કરવા સંમતિ સધાઈ હતી. તેમાં AI, 6G, ક્વોન્ટમ કમ્પ્યૂટિંગ, સ્પેસ અને લાઈફ સાયન્સ જેવા વિવિધ ક્ષેત્રો આવરી લેવાશે. બંને દેશે નક્કી કરેલા છ મુદ્દામાં રીન્યૂએબલ એનર્જી બેટરી-એનર્જી સ્ટોરેજ ક્ષેત્રે સાથે કામ કરવા અને ઈન્ડિયા-સ્વીડન ટેકનોલોજી એન્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કોરિડોર સ્થાપવા સંમતિ સધાઈ હતી. ફ્યુચર ઓરિએન્ટેડ AI પાર્ટનરશિપ સુદૃઢ બનાવવા અને સ્ટાર્ટ અપ રિસર્ચને પ્રોત્સાહન આપવા બંને દેશ સંમત થયા હતા. આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષી વેપાર બમણો કરવા અને મેક ઈન ઈન્ડિયા અભિયાનમાં રોકાણ કરવા સ્વીડને સંમતિ દર્શાવી હતી.









### યુદ્ધના દલદલમાં ફસાયું અમેરિકા

## ટ્રમ્પ સરકારે વિદેશ વિભાગના ૨૫૦ અધિકારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ઈરાન સામેના યુદ્ધમાં વ્યૂહાત્મક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા અમેરિકાના રાજકીય વર્તુળોમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટ એટલે કે વિદેશ મંત્રાલય માંથી ૨૫૦ વરિષ્ઠ અધિકારીઓને અચાનક જ નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે એક સત્તાવાર ઈમેઈલ જારી કરીને આ કાર્યવાહી કરી છે. વહીવટીતંત્રનું કહેવું છે કે આ અધિકારીઓ પોતાની ફરજ બજાવવા માટે લાયક કે યોગ્ય ન હતા. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકાએ ઈઝરાયેલ સાથે મળીને ઈરાન પર સૈન્ય હુમલો કર્યો હતો. શરૂઆતમાં અમેરિકાનો હાથ ઉપર હતો, પરંતુ સમય જતાં વોશિંગ્ટન ઈરાનના આ યુદ્ધના દલદલમાં ખરાબ રીતે ફસાઈ ગયું છે. અમેરિકાના મીડિયા રિપોર્ટના અહેવાલ મુજબ, આ સામૂહિક છટણીને ઈરાન યુદ્ધનો કોઈ યોગ્ય ઉકેલ શોધવામાં આ અધિકારીઓની અસમર્થતા સાથે જોડીને જોવામાં આવી રહી છે. જો કે, વ્હાઈટ હાઉસ કે સ્ટેટ ડિપાર્ટમેન્ટે હજુ સુધી આ જોડાણ અંગે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી. બરતરફ કરાયેલા આ અધિકારીઓને તાજેતરમાં જ સરકારે ઈરાન સંકટનો રાજદ્વારી ઉકેલ લાવવાની જવાબદારી સોંપી હતી. ગયા મહિને વ્હાઈટ હાઉસ તરફથી તમામ દૂતાવાસોને એક કડક નિર્દેશ મોકલવામાં આવ્યો હતો. આ નિર્દેશ હેઠળ અમેરિકી રાજદૂતોએ પોતાના સંપર્કોનો ઉપયોગ કરીને જે-તે દેશોને ઈરાન પર આકરા આર્થિક પ્રતિબંધો લાદવા માટે મનાવવાના હતા, જેથી ઈરાન પર વૈશ્વિક દબાણ લાવી શકાય.

## તંત્રી લેખ......

### વિદેશી હૂંડિયામણ બચાવવાનો પડકાર

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે અઢી મહિનાથી હોર્મુઝ સી રૂટ અવરોધિત થવાને કારણે વિશ્વમાં જે ગેસ અને તેલ સંકટ ઉભું થયું છે તે ચાલુ છે. આની અસર ભારત સહિત સમગ્ર વિશ્વ પર પડી છે. ભારતને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલ અને ગેસનો મોટો પુરવઠો મળતો હતો. છેલ્લા અઢી મહિનામાં આ પુરવઠો નોંધપાત્ર રીતે ઘટ્યો છે. તેલ અને ગેસ વહન કરતા કેટલાક જહાજો કોઈક રીતે સામુદ્રધુની પાર કરીને ભારત પાછા ફરવામાં સક્ષમ છે. એ અલગ વાત છે કે ભારતે હજુ સુધી ગંભીર પેટ્રોલિયમ કટોકટીનો સામનો કર્યો નથી. વૈશ્વિક તેલ અને ગેસ પડકારનો અસરકારક રીતે સામનો કરવા બદલ ભારત સરકાર પ્રશંસાને પાત્ર છે.

જ્યારે ઘણા દેશોએ હોર્મુઝ સામુદ્રધુની અવરોધિત થયાના થોડા દિવસો પછી જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો હતો, ત્યારે ભારતે લગભગ ૭૫ દિવસ પછી ભાવમાં વધારો કર્યો હતો, અને તે પણ અન્ય દેશો કરતા ઘણા ઓછા દરે. આ જરૂરી હતું કારણ કે તેલ કંપનીઓનું નુકસાન વધી રહ્યું હતું. જ્યારે પણ કોઈપણ વસ્તુની વૈશ્વિક અછત હોય છે, ત્યારે તેના ભાવમાં વધારો થાય છે. જો પશ્ચિમ એશિયાની કટોકટીનો ઉકેલ નહીં આવે, તો પેટ્રોલિયમના ભાવ વધુ વધી શકે છે, જેનાથી આયાત બિલમાં વધારો થઈ શકે છે. આને ધ્યાનમાં રાખીને, વડા પ્રધાન મોદીએ તાજેતરમાં ભારતીયોને પેટ્રોલ અને ડીઝલ બચાવવા, વિદેશ મુસાફરી ઘટાડવા, ઘરેથી કામ કરવા અને ઓછામાં ઓછા એક વર્ષ સુધી સોનું ખરીદવાનું ટાળવાની અપીલ કરી હતી.

દરેક વ્યક્તિ જાણે છે કે સામાન્ય ભારતીયો સલામત રોકાણ તરીકે સોનું ખરીદવાને પ્રાથમિકતા આપે છે. હાલમાં, ભારતીયો વિશ્વના કોઈપણ દેશમાં સૌથી વધુ સોનું ધરાવે છે. એક અંદાજ મુજબ, ભારતીય ઘરોમાં આશરે ૪૦,૦૦૦ ટન સોનું સંગ્રહિત છે. ભારત ખૂબ ઓછું સોનું ઉત્પન્ન કરે છે, તેથી તેની આયાત કરવામાં આવે છે. ગયા વર્ષે, ભારતે આશરે ઈ૭૨ બિલિયન મૂલ્યનું સોનું ખરીદ્યું હતું. ડોલર સામે રૂપિયાના નબળા પડવાથી સોનાની આયાત માટે વિદેશી હૂંડિયામણના વપરાશમાં નોંધપાત્ર વધારો થયો છે. બહુ ઓછા ભારતીયો ભંડોળ મેળવવા માટે બેંકોમાં પોતાનું સોનું ગીરવે મૂકે છે, તેથી તે એક મૃત રોકાણ રહ્યું છે. ભારતીયોમાં સોનું ખરીદવા અને ઘરે સંગ્રહ કરવાની ઈચ્છા બેંકિંગ સિસ્ટમ અને શેરબજારમાં વિશ્વાસના અભાવને કારણે હોવાનું માનવામાં આવે છે. એ પણ નિર્વિવાદ છે કે ઘણા લોકો તેમના ગેરકાયદેસર રીતે મેળવેલા નફાનું રોકાણ સોનામાં કરે છે. ભારતમાં સામાન્ય જનતાને સોના પ્રત્યે ખાસ આકર્ષણ હોવાથી, સરકારે બેંકિંગ સિસ્ટમમાં જાહેર વિશ્વાસના અભાવ અને શેરબજારમાં રોકાણ પાછળના કારણો પર વિચાર કરવો જોઈએ.

સૌથી વધુ વિદેશી હૂંડિયામણનો વપરાશ પેટ્રોલિયમ આયાત માટે થાય છે. આ ઝડપી આર્થિક વૃદ્ધિને કારણે છે, પરંતુ હકીકત એ છે કે ભારતમાં વાહનોની માઈલેજ કદાચ સૌથી ઓછી છે. ભારતીય વાહનો પેટ્રોલ અથવા ડીઝલ દીઠ લિટર દીઠ ઓછામાં ઓછું અંતર કાપે છે. આ આપણા રસ્તાઓના નબળા માળખા અને તેમની નબળી ડિઝાઈનને કારણે છે. બાકીની ખામીઓ રસ્તાઓ પરના અતિક્રમણને કારણે થતા ટ્રાફિક જામથી વધુ વધી જાય છે. ટોલ પ્લાઝા પર ઘણીવાર ભીડ થાય છે, જેના પરિણામે લાખો લિટર પેટ્રોલિયમ ઉત્પાદનોનો બગાડ થાય છે. એવું નથી કે ટ્રાફિક જામ અથવા ધીમી વાહનોની ગતિવિધિનું કારણ બને છે તે સમસ્યાઓ દૂર કરી શકાતી નથી, પરંતુ આ માટે જરૂરી રાજકીય અને સામાજિક ઈચ્છાશક્તિનો ભારે અભાવ છે. મોટા શહેરોની વાત ભૂલી જાઓ, નાના શહેરો પણ હવે ટ્રાફિક જામનો સામનો કરે છે, જે ક્યારેક કલાકો સુધી ચાલે છે. છતાં, ન તો કેન્દ્ર સરકાર, ન તો રાજ્ય સરકારો, ન તો તેમની સ્થાનિક સંસ્થાઓ, ચિંતિત દેખાતી નથી.

# ભારત અને ઈટાલી: ઈન્ડો-મેડિટેરેનિયન માટે વ્યૂહાત્મક ભાગીદારી

## - ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઈટાલિયન પ્રજાસત્તાકની મંત્રી પરિષદના અધ્યક્ષ (પ્રમુખ) જ્યોર્જિયા મેલોની

ભારત અને ઈટાલી વચ્ચેના સંબંધો હવે એક નિર્ણાયક તબક્કે પહોંચ્યા છે. તાજેતરના વર્ષોમાં, આપણા સંબંધો અભૂતપૂર્વ ગતિ સાથે વિસ્તર્યા છે, જે એક સૌહાર્દપૂર્ણ મિત્રતામાંથી સ્વતંત્રતા અને લોકશાહીના મૂલ્યો તેમજ ભવિષ્ય માટેના સમાન વિઝન પર આધારિત એક વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત થયા છે.

એવા સમયે જ્યારે આંતરરાષ્ટ્રીય પ્રણાલી એક ઉંડા પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે, ત્યારે ઈટાલી અને ભારત વચ્ચેની ભાગીદારી ઉચ્ચ રાજકીય અને સંસ્થાકીય સ્તરે નિયમિત આદાનપ્રદાન દ્વારા માર્ગદર્શન મેળવી રહી છે, અને એક નવો તથા ઉચ્ચ આયામ પ્રાપ્ત કરી રહી છે જે આપણી આર્થિક ગતિશીલતા, સામાજિક સર્જનાત્મકતા અને હજારો વર્ષ જૂની સભ્યતાના શાણપણને જોડે છે. આપણો સહયોગ આપણી એ સહિયારી જાગૃતિને પ્રતિબિંબિત કરે છે કે ૨૧ મી સદીમાં સમૃદ્ધિ અને સુરક્ષા રાષ્ટ્રોની નવીનતા લાવવાની, ઊર્જા સંક્રમણનું સંચાલન કરવાની અને વ્યૂહાત્મક સાર્વભૌમત્વને મજબૂત કરવાની ક્ષમતા દ્વારા આકાર લેશે. આ હેતુ માટે, અમે નવા ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા અને અમારી પૂરક શક્તિઓને એકત્રિત કરવાના હેતુથી અમારા દ્વિપક્ષીય સંબંધોને વધુ ઊંડા અને વૈવિધ્યસભર બનાવવા માટે પ્રતિબદ્ધ થયા છીએ. અમારો ધ્યેય ઈટાલિયન ડિઝાઈન, ઉત્પાદન શ્રેષ્ઠતા અને વિશ્વ સ્તરના સુપર કોમ્પ્યુટર્સ—જે ઔદ્યોગિક પાવરહાઉસ તરીકે ઈટાલીની સ્થિતિને પ્રતિબિંબિત કરે છે—અને ભારતનો ઝડપી આર્થિક વિકાસ, એન્જિનિયરિંગ પ્રતિભા, વ્યાપ તથા ૧૦૦ થી વધુ યુનિકોર્ન અને ૨૦૦,૦૦૦ સ્ટાર્ટ-અપ્સ ધરાવતી નવીનતા અને ઉદ્યોગસાહસિક ઈકોસિસ્ટમ વચ્ચે એક શક્તિશાળી તાલમેલ (સિનર્જી) બનાવવાનો છે. આ કોઈ સામાન્ય એકીકરણ નથી, પરંતુ મૂલ્યનું સહ-સર્જન છે જ્યાં આપણી સંબંધિત ઔદ્યોગિક શક્તિઓ એકબીજાને વિસ્તૃત કરે છે. યુરોપિયન યુનિયન અને ભારત વચ્ચેનો મુક્ત વ્યાપાર કરાર બંને દિશામાં વ્યાપાર અને રોકાણમાં વધારો કરવાનો માર્ગ મોકળો કરે છે. અમે સંરક્ષણ અને એરોસ્પેસ, સ્વચ્છ ટેકનોલોજી, મશીનરી, ઓટોમોટિવ ઘટકો (પાર્ટ્સ), રસાયણો, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઈલ, કૃષિ-ખાદ્ય, પ્રવાસન અને અન્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને વર્ષ ૨૦૨૯ સુધીમાં ઈટાલી અને ભારત વચ્ચેના વ્યાપાર માટે ૨૦ અબજ યુરોનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવા અને તેનાથી આગળ વધવા માંગીએ છીએ.

"મેડ ઈન ઈટાલી" હંમેશા વિશ્વભરમાં શ્રેષ્ઠતાનું પર્યાય રહ્યું છે, અને આજે તે "મેક ઈન ઈન્ડિયા" પહેલના ઉચ્ચ-ગુણવત્તાના લક્ષ્યો સાથે કુદરતી તાલમેલ ધરાવે છે. આ સંદર્ભમાં, ભારત માટેના ઉત્પાદનમાં ઈટાલિયન વ્યવસાયોનો વધતો રસ અને ઈટાલીમાં ભારતીય ઉદ્યોગોની વધતી જતી ઉપસ્થિતિ, જે હવે બંને પક્ષે ૧૦૦૦ થી વધુ છે, તે એક હકારાત્મક સંકેત છે જે આપણી સપ્લાય ચેઈનના એકીકરણને મજબૂત કરશે. તકનીકી નવીનતા આપણી ભાગીદારીના હાર્દમાં રહેલી છે. આગામી દાયકાઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, અદ્યતન ઉત્પાદન, ક્રિટિકલ મિનરલ્સ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોમાં પ્રગતિ દ્વારા અંકિત, અપરિમેય વ્યાપની તકનીકી ક્રાંતિ દ્વારા આકાર લેશે. ભારતની ગતિશીલ નવીનતા ઈકોસિસ્ટમ, અત્યંત કુશળ વ્યાવસાયિક પ્રતિભાઓના ભંડાર સાથે મળીને, અને ઈટાલીની અદ્યતન ઔદ્યોગિક ક્ષમતાઓ ઉપરોક્ત ક્ષેત્રોમાં અમારા સહયોગને કુદરતી અને વ્યૂહાત્મક બંને બનાવે છે. આપણી યુનિવર્સિટીઓ અને સંશોધન કેન્દ્રો





વચ્ચે વધતી જતી ભાગીદારી આને સમર્થન આપશે. ભારતનું ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલેથી જ મોટી સંખ્યામાં દેશોમાં, ખાસ કરીને ગ્લોબલ સાઉથમાં ગુંજી રહ્યું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ખાસ કરીને, આપણા સમાજો અને વૈશ્વિક અર્થવ્યવસ્થાને પહેલેથી જ પ્રભાવિત કરી રહ્યું છે. એઆઈ (AI) નો વિકાસ જવાબદાર અને માનવ-કેન્દ્રિત હોય તે સુનિશ્ચિત કરવા માટે ઈટાલી અને ભારત લાંબા સમયથી સહયોગ કરી રહ્યા છે. આ પરિપ્રેક્ષ્યમાં, ભારત અને ઈટાલી એઆઈ (AI) ને સર્વસમાવેશી વિકાસ માટેના એક શક્તિશાળી સાધન તરીકે પણ જુએ છે, ખાસ કરીને ગ્લોબલ સાઉથ માટે, જ્યાં ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુલભ, બહુભાષી ટેકનોલોજીઓ વિભાજનને ગહન કરવાના બદલે તેને દૂર કરી શકે છે. ભારતના 'માનવ' (MANAV) ના વિઝન—ટેકનોલોજીના કેન્દ્રમાં માનવને રાખવું—અને ઈટાલીની તેની માનવતાવાદી પરંપરામાં રહેલી માનવ-કેન્દ્રિત 'એલ્ગોર-એથિક્સ' (algor-ethics) ને પ્રોત્સાહન આપવાની આગેવાનીના આધારે, આપણી ભાગીદારી એ સુનિશ્ચિત કરવા માંગે છે કે એઆઈ (AI) સામાજિક સશક્તિકરણ માટે ઉત્પ્રેરક તરીકે કામ કરે. અમારો અભિગમ ભારતના ડિજિટલ વ્યાપને ઈટાલીની નૈતિક અને ઔદ્યોગિક કુશળતા સાથે જોડે છે, જે સુનિશ્ચિત કરે છે કે ટેકનોલોજી માનવીય ગૌરવની સેવા કરે. સુરક્ષિત ડિજિટલ સહયોગ, ક્ષમતા નિર્માણ અને સ્થિતિસ્થાપક સાયબર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરીને, અમારો ઉદ્દેશ્ય એક ખુલ્લી, વિશ્વાસપાત્ર અને સમાન ડિજિટલ સ્પેસ બનાવવાનો છે જેમાં દરેક રાષ્ટ્ર એઆઈ (AI) માંથી આકાર લઈ શકે અને લાભ મેળવી શકે. આ પરિપ્રેક્ષ્ય ઈટાલીના જી7 (G7) પ્રમુખપદ અને નવી દિલ્હીમાં યોજાયેલી એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ ના પરિણામોનો મુખ્ય ભાગ છે. એઆઈ (AI) ને મનુષ્યો દ્વારા મનુષ્યો માટે બનાવવામાં આવેલ સાધન તરીકે સમજવાનો અર્થ એ છે કે દ્રઢપણે જાહેર કરવું કે ટેકનોલોજી વ્યક્તિઓનું સ્થાન લઈ શકતી નથી કે તેમના મૂળભૂત અધિકારોને નબળા પાડી શકતી નથી, કે જાહેર ચર્ચામાં હેરાફેરી કરવા અથવા લોકશાહી પ્રક્રિયાઓમાં ફેરફાર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાતો નથી. વધુને વધુ પરસ્પર જોડાયેલી દુનિયામાં સ્વતંત્રતા અને માનવીય ગૌરવના રક્ષણ માટેનો અમારો અભિગમ આ જ પડકાર પર નિર્ભર છે.આપણો સહયોગ અવકાશ (સ્પેસ) ક્ષેત્રને પણ આવરી લે છે. અવકાશ સંશોધન અને સેટેલાઈટ ટેકનોલોજીમાં ભારતની પ્રભાવશાળી પ્રગતિ, ઈટાલીની એરોસ્પેસ એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા સાથે મળીને, સંયુક્ત પહેલ અને આગામી પેઢીની ટેકનોલોજીના વિકાસ માટે નોંધપાત્ર તકો પ્રદાન કરે છે. રાષ્ટ્રોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા અને સ્થિરતા આવશ્યક છે. ઈટાલી અને ભારત સંરક્ષણ, સુરક્ષા અને વ્યૂહાત્મક ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં તેમના સહયોગને વધુ મજબૂત કરવા ઈચ્છે છે. અમારો સહયોગ નિર્ણાયક દરિયાઈ માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં, આતંકવાદ, આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્ક્સ, ડ્રગ્સની હેરાફેરી, સાયબર ગુનાઓ અને માનવ તસ્કરી જેવા જોખમો સામે સ્થિતિસ્થાપકતા મજબૂત કરવામાં મદદ કરશે.

ઊર્જા એ આપણી ભાગીદારીનો અન્ય એક મુખ્ય સ્તંભ છે. વૈવિધ્યસભર ઊર્જા સ્ત્રોતો તરફ વૈશ્વિક સંક્રમણ માટે નવીનતા, રોકાણ અને સહયોગની જરૂર છે. ભારત અને ઈટાલી પુનઃપ્રાપ્ય ઊર્જાથી લઈને હાઈડ્રોજન ટેકનોલોજી સુધી અને સ્માર્ટ ગ્રીડથી લઈને મજબૂત માળખાકીય સુવિધાઓ સુધી સહયોગ કરી રહ્યા છે. ગ્રીન હાઈડ્રોજન નિકાસ માટે હબ બનવા માટેનો ભારતનો પ્રયાસ પુષ્કળ સંભાવનાઓ પ્રદાન કરે છે, ત્યારે તે પુનઃપ્રાપ્ય માળખાકીય સુવિધાઓમાં ઈટાલીની અદ્યતન ટેકનોલોજી અને યુરોપ માટે ઊર્જાના પ્રવેશદ્વાર (એનર્જી ગેટવે) તરીકેની તેની વ્યૂહાત્મક ભૂમિકાને સંપૂર્ણ રીતે પૂરક બનાવે છે. આ સંદર્ભમાં ભારતની આગેવાની હેઠળની મુખ્ય પહેલો—ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA), કોએલિશન ફોર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI) અને ગ્લોબલ બાયોફ્યુઅલ્સ એલાયન્સ (GBA)—માં અન્ય દેશોની સાથે અમારો સહયોગ પણ મહત્વપૂર્ણ છે.

ભૌતિક, ડિજિટલ અને માનવીય જોડાણ એ તાર છે જે આપણને એકસાથે વણે છે. ભારત અને ઈટાલી બંને વૈશ્વિક અર્થવ્યવસ્થાના બે નિર્ણાયક હબ, ઈન્ડો-પેસિફિક અને મેડિટેરેનિયનના હાર્દમાં સ્થિત છે—એવા પ્રદેશો કે જેને અલગ ક્ષેત્રો તરીકે જોઈ શકાય નહીં, પરંતુ તેના બદલે વધુને વધુ પરસ્પર જોડાયેલી જગ્યાઓ તરીકે જોઈ શકાય છે. વાસ્તવમાં, આપણે જેને ઈન્ડો-મેડિટેરેનિયન કહી શકાય તેનો ઉદય જોઈ રહ્યા છીએ, જે હિંદ મહાસાગરને યુરોપ સાથે બાંધતા વ્યાપાર, ટેકનોલોજી, ઊર્જા, ડેટા અને વિચારો માટેનો એક મહત્વપૂર્ણ કોરિડોર છે. આ પરસ્પર જોડાયેલી જગ્યાની અંદર જ અમારો સંબંધ સ્વાભાવિક રીતે એક વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીમાં વિકસે છે—જે બે ખંડોને જોડે છે અને નવી વૈશ્વિક ગતિશીલતાને આકાર આપે છે. આ સંદર્ભમાં, ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર (IMEC) એ આધુનિક પરિવહન અને માળખાકીય સુવિધાઓ, ડિજિટલ નેટવર્ક્સ, ઊર્જા પ્રણાલીઓ અને સ્થિતિસ્થાપક સપ્લાય ચેઈન્સ દ્વારા આપણા પ્રદેશોને જોડવાના ઉદ્દેશ્યવાળા વિઝનને રજૂ કરે છે. ભારત અને ઈટાલી આ વિઝનને વાસ્તવિકતા બનાવવા માટે અન્ય ભાગીદારો સાથે મળીને કામ કરવા માટે પણ પ્રતિબદ્ધ છે.

આપણે આપણા રાષ્ટ્રો વચ્ચેની ઊંડી ભાગીદારી અને શાશ્વત સાંસ્કૃતિક સંબંધોના આધારે આપણા સહિયારા પડકારોનો સામનો કરી શકીએ છીએ. ભારતીય સંસ્કૃતિમાં, "ધર્મ" નો ખ્યાલ એ જવાબદારીની ભાવના જગાડે છે જે આપણા કાર્યોનું માર્ગદર્શન કરતી હોવી જોઈએ, જ્યારે "વસુધૈવ કુટુંબકમ"—સમગ્ર વિશ્વ એક પરિવાર છે—નો સિદ્ધાંત આ પરસ્પર જોડાયેલા ડિજિટલ યુગમાં શક્તિશાળી રીતે ગુંજી રહ્યો છે. આવા મૂલ્યો પુનર્જાગરણ (રેનેસાં) માં રહેલી ઈટાલીની માનવતાવાદી પરંપરામાં કુદરતી પડઘો પામે છે, જે પ્રત્યેક વ્યક્તિના ગૌરવ અને લોકોને તથા સમાજોને એકજૂથ કરવાની સંસ્કૃતિની શક્તિ પર પ્રકાશ પાડે છે. અમારો સહિયારો દ્રષ્ટિકોણ, તેથી, આપણા લોકોને કેન્દ્રમાં રાખીને એક મજબૂત અને પ્રગતિશીલ ભારત-ઈટાલી ભાગીદારીનો પાયો નાખવાનો છે.

### વડોદરામાં ડ્રગ્સ નેટવર્ક પર પોલીસનો પ્રહાર

## ૧૦ કિલો હાઈબ્રીડ ગાંજાના કેસમાં વધુ બે શખસની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરમાં નશાના કારોબારને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસે કમર કસી છે. થોડા સમય પૂર્વે વડોદરા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) દ્વારા ઝડપી પાડવામાં આવેલા ૧૦ કિલો સામાન્ય ગાંજા અને અત્યંત મોંઘા ગણાતા 'હાઈબ્રીડ ગાંજા'ના રેકેટમાં પોલીસે વધુ બે શખસોની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે.

મળતી માહિતી અનુસાર, આ હાઈપ્રોફાઈલ ડ્રગ્સ કેસની વિગત એવી છે કે, વડોદરા એસઓજીએ સૌપ્રથમ ગોરવા વિસ્તારમાં ગાંજાનું વેચાણ કરતા રાજેન્દ્ર બિંદ નામના શખસને ઝડપી પાડ્યો હતો. તેની સઘન પૂછપરછ દરમિયાન આ નેટવર્કમાં સામેલ અન્ય બે સાગરીતો અને મધ્ય પ્રદેશના રતલામથી ગાંજો સપ્લાય કરનારા મુખ્ય વચેટીયા મોહન નીનામાનું નામ ખુલ્યું હતું, જેથી પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મોહનની પણ ધરપકડ કરી લીધી હતી.

પોલીસ કસ્ટડી દરમિયાન સપ્લાયર મોહન નીનામાએ ચોંકાવનારી કબૂલાત કરી હતી કે, મોહન ટ્રેન મારફતે ગાંજાનો જથ્થો વડોદરા લાવતો હતો અને અહીં આજવા રોડ પર રહેતા રિઝવાન દીવાન નામના ડ્રગ્સ પેડલરને પહોંચાડતો હતો. આ સગડ મળતા જ પોલીસે રિઝવાન દીવાનની પણ અટકાયત કરી હતી. પોલીસે આ સમગ્ર ઓપરેશન દરમિયાન ૧૦ કિલો સામાન્ય ગાંજો અને ૭૭ ગ્રામ કિંમતી હાઈબ્રીડ ગાંજો મળીને કુલ ૭ લાખ રૂપિયાથી વધુની કિંમતનો નશાનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસની ઊંડાણપૂર્વકની તપાસમાં સામે આવ્યું હતું કે, આ રેકેટમાં પકડાયેલો હાઈબ્રીડ ગાંજો જયેશ ઉર્ફે કાનો નીતિનસિંહ ચૌહાણ (રહે. અંબાલાલ પ્રજાપતિનું મકાન, સહયોગ સોસાયટી, સમા રોડ, વડોદરા) દ્વારા સપ્લાય કરવામાં આવ્યો હતો. એસઓજીએ બાતમીના આધારે જયેશ ઉર્ફે કાનાની પણ ધરપકડ કરી લીધી છે. હાલ પોલીસ એ દિશામાં તપાસ ચલાવી રહી છે કે જયેશ આ હાઈબ્રીડ ગાંજો ક્યાંથી અને કોની પાસેથી મેળવતો હતો. આગામી દિવસોમાં આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય મોટા માથાઓના નામ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

### દલીતોના મશીહા બનેલા બંને મંત્રીઓ આજદીન સુધી દલીતોની પડખે ન આવતા રોષ

## ગુજરાતમાં દલીતો સાથે ભેદભાવની ૩ દિવસમાં ૩ ઘટના: રૂપાલમાંથી સામુહિક હિજરતની ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

ચુંટણીનો સમય નજીક આવે ત્યારે દરેક રાજકીય પક્ષના નેતાઓને મોટી વોટબેંક ગણાતો દલીત સમાજ અચુક યાદ આવે છે. મતદારોને રીઝવવા માટે નેતાઓ ભલે દલીતોના ઘરે જઈને તેમની સાથે ભોજન લેતા હોવાના ફોટા પડાવે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. ગુજરાતમાં આજે પણ દલીતોના મશીહા બનેલા બંને મંત્રીઓ દલીતોને પડખે ઉભા ન રહેતા દલીતોમાં રોષ ભભુકી ઉઠયો છે. ગુજરાતમાં આજે પણ ગ્રામીણ સ્તરે દલીતો સામેનો ભેદભાવ યથાવત હોવાનુ સાબિત કરતી ૩ અલગ અલગ ઘટનાઓ માત્ર ૩ દિવસમાં બહાર આવી છે. જેણે સામાજિક સમરસતાના દાવાઓ સામે મોટા સવાલો ઉભા કર્યા છે. સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રૂપાલ ગામમાં દલીત સમાજ પર થઈ રહેલા અત્યાચારનો




મામલો ગરમાયો છે. સાબરકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી સામાજિક ન્યાય અધિકારીતાના મંત્રી હોવા છતાં આજે પણ જિલ્લામાં દલીતો સામે અન્યાય થઈ રહ્યો છે. ગામના અસામાજિક તત્વો દ્વારા દલીતો સાથે સામાજિક, આર્થિક, ધાર્મિક અને ન્યાયીક સ્તરે ભેદભાવ રાખવામાં આવતો હોવાનો આક્ષેપ કરાયો છે. દલીત આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર પાઠવીને જણાવ્યુ છે કે અત્યાર સુધીમાં એટ્રોસીટી એકટ હેઠળ ૭ જેટલી ફરીયાદો અને અનેક રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નકકર પગલા લેવાયા નથી, જો આગામી ૭ દિવસમાં યોગ્ય ન્યાયીક કાર્યવાહી કરવામાં નહી આવે તો પીડીત પરીવારોએ ગામમાંથી સામુહિક હિજરત કરવાની ગંભીર ચીમકી ઉચ્ચારી છે. અન્ય બીજો કિસ્સો મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના માઢી ગામેથી બહાર આવ્યો છે. ગઈ તારીખ ૧૦ મે ના રોજ ગામમાં એક દલીત પરીવારના લગ્ન પ્રસંગ દરમિયાન વરરાજાનો વરઘોડો નિકળ્યો હતો. આ દરમિયાન કેટલાક તત્વોએ વરરાજાને ઘોડા પરથી નીચે ઉતારી દીધા હતા અને જાતિસુચક ગાળો આપી વરઘોડો રોકી દીધો હતો. આ મામલે મહેસાણા જિલ્લા દલીત સંગઠને કલેકટરને આવેદનપત્ર આપીને તમામ દોષીત આરોપીઓ વિરૂધ્ધ સત્વરે અને કડક પગલા લેવાની માંગ કરી હતી. જયારે અન્ય એક ત્રીજી ઘટનામાં સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના મેતાસર ગામે બની હતી. રાજકોટમાં રહેતો એક દલીત પરીવાર વતન મેતાસર ગામે આવ્યો હતો. આ પરીવારની વ્યકિતઓ ગામના કુવે પાણી ભરવા ગઈ ત્યારે તેમને પાણી ભરતા અટકાવવામાં આવ્યા હતા અને સમગ્ર પરીવારનો સામાજિક બહિષ્કાર કરી દેવાયો હતો. ગત શનિવારે આ મામલો બહાર આવ્યા બાદ પોલીસે કડક વલણ અપનાવીને અત્યાચાર ગુજારનારા ૬ શખ્સો વિરૂધ્ધ ગુન્હો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૧૯/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૭૨૪ | ૪૬૦.૦૦ | ૫૭૦.૦૦ |
| ૨ | મગફળી | ૧૩૩ | ૧,૧૫૧.૦૦ | ૧,૮૯૮.૦૦ |
| ૩ | એરંડા | ૧૧૫ | ૧,૨૯૭.૦૦ | ૧,૩૦૮.૦૦ |
| ૪ | બાજરી | ૧૪૪ | ૪૨૦.૦૦ | ૪૬૫.૦૦ |
| ૫ | મકાઇ | ૪૩૫ | ૩૯૯.૦૦ | ૪૨૪.૦૦ |
| ૬ | ચણા | ૭૪ | ૧,૦૬૦.૦૦ | ૧,૦૯૨.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૯ | ૧,૩૨૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૮ | તમાકુ | ૦ | ૧,૨૦૦.૦૦ | ૨,૨૫૦.૦૦ |
| ૯ | તમાકુ (ગારીયુ) | ૦ | ૯૫૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

## નવરંગપુરાની યુવતીની ૪થી વધુ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી બદનામ કરવાનો પ્રયાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પોશ ગણાતા નવરંગપુરા વિસ્તારમાં રહેતી અને એક ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી ૨૧ વર્ષીય યુવતી સાયબર ક્રાઈમ અને માનસિક પજવણીનો ભોગ બની છે. એક માથાભારે અજાણ્યા શખસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર આ યુવતીના નામ અને ફોટાનો દુરુપયોગ કરીને એક-બે નહીં, પરંતુ ૫થી વધુ ફેક એકાઉન્ટ (ફેક આઈડી) બનાવી તેને સોશિયલ મીડિયા પર બદનામ કરવાનો હીન પ્રયાસ કર્યો હતો. આ અંગે ભોગ બનનાર યુવતીએ અંતે કંટાળીને નવરંગપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદની વિગતો મુજબ, નવરંગપુરામાં રહેતી આ યુવતીએ થોડા દિવસો પહેલાં પોતાના મૂળ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક મોટિવેશનલ પોસ્ટ અને રીલ શેર કરી હતી. આ પોસ્ટ પર કોઈ અજાણ્યા શખસે એકસાથે અંદાજે ૧૫ જેટલી અણછાજતી અને ખોટી કોમેન્ટ્સ કરી હતી. યુવતીએ કંટાળીને આ તમામ કોમેન્ટ્સ ડિલીટ કરી નાખી હતી અને સાયબર ક્રાઈમમાં પોલીસ કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી, જેને પગલે એ સમયે આરોપીએ પોતાનું આઈડી બંધ કરી દીધું હતું.

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યાઃ સોનાના વાયદામાં રૂ.૩૫૧ની વૃદ્ધિઃ ચાંદીના વાયદામાં રૂ.૨૭૩૯ની નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૯૮૮.૯૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૩૮૧૭.૯૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૮૭૧૦.૧૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૭૯૧ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૬૦૮૦૭.૦૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૯૮૮.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૩૮૧૭.૯૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૩૮૭૯૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૧૩૩.૧૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૮૭૧૦.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૮૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૨૦૦ અને નીચામાં રૂ.૧૫૯૧૬૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૯૪૦૧ના આગલા બંધ સામે રૂ.૩૫૧ વધી રૂ.૧૫૯૭૫૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૦ વધી રૂ.૧૨૭૯૦૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧ વધી રૂ.૧૬૦૨૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૬ વધી રૂ.૧૫૯૨૨૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૧૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૨૯૯ અને નીચામાં રૂ.૧૫૯૦૧૫ના મથાળે અથડાઈ, રૂ.૧૫૯૧૫૩ના આગલા બંધ સામે રૂ.૨૪૮ વધી રૂ.૧૫૯૪૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૭૬૨૭૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૬૬૬૬ અને નીચામાં રૂ.૨૭૨૯૧૦ના મથાળે અથડાઈ, રૂ.૨૭૬૬૫૧ના આગલા બંધ સામે રૂ.૨૭૩૯ ઘટી રૂ.૨૭૩૯૧૨ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૨૭૮૪ ઘટી રૂ.૨૭૬૮૩૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૨૭૬૭ ઘટી રૂ.૨૭૬૮૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૨૧૪.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૪.૨૫ ઘટી રૂ.૧૩૪૪ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૨.૩૫ વધી રૂ.૩૬૭.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૪.૯ વધી રૂ.૩૮૬.૧ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૩૫ પૈસા વધી રૂ.૨૦૨.૮ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૧૩૩.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૨૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૬૩૮ અને નીચામાં રૂ.૪૬૦૬ના મથાળે અથડાઈ, રૂ.૧૧ વધી રૂ.૪૬૩૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૯૯૧૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૮૦ અને નીચામાં રૂ.૯૯૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૯૯૨૪ના આગલા બંધ સામે રૂ.૧૪૧ વધી રૂ.૧૦૦૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૧૪૪ વધી રૂ.૧૦૦૬૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૮ વધી રૂ.૨૯૬.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૩.૮ વધી રૂ.૨૯૬.૩ થયો હતો.


કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૦ના ભાવે ખૂલી, ૬૦ પૈસા ઘટી રૂ.૯૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૦૦ના ભાવે ખૂલી, રૂ.૮ વધી રૂ.૨૭૩૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૩૩૪.૫૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૩૭૫.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૩૦૮.૮૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૧૮.૬૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૭.૧૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૬૬.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૬.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૮૩.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૪૩.૨૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૭૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૨૫ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૨૫૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૧૦૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૭૫૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૮૧૩૬૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૩૧૦૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૭૨૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૩૫૮૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૪૮૦૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૦૨૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૭૭૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૦૩૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૩૮૭૯૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૭૯૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૮૭૯૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૮ પોઈન્ટ વધી ૩૮૭૯૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૩.૩ વધી રૂ.૮૫૦.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા વધી રૂ.૭ થયો હતો.

સોનું મે રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨ ઘટી રૂ.૫૬૮.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૪૨ ઘટી રૂ.૧૨૪૮ થયો હતો. તાંબું મે રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૩૭ ઘટી રૂ.૧૧.૨૮ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬ પૈસા ઘટી રૂ.૦.૨૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૪.૫૫ વધી રૂ.૮૫૮.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૫ પૈસા વધી રૂ.૭.૦૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮.૫ વધી રૂ.૨૦૪૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૨ ઘટી રૂ.૧૮૦.૫ના ભાવે બોલાયો હતો.




પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૮.૭ ઘટી રૂ.૮૦૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮ ઘટી રૂ.૪.૫ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬ ઘટી રૂ.૨૬૩.૫ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૩ ઘટી રૂ.૧૪૦૦.૫ના ભાવે બોલાયો હતો. તાંબું મે રૂ.૧૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૫ પૈસા ઘટી રૂ.૧૨.૮૨ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨ પૈસા વધી રૂ.૦.૫૩ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૨૮.૦૫ થયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮ ઘટી રૂ.૪.૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯ ઘટી રૂ.૯૭૭ થયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૮ ઘટી રૂ.૧૧૩૦.૫ થયો હતો.

# નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ અને મહામંત્રી પોતે જ કાર્યકર્તાઓને ડરાવે છે અને ચૈતર વસાવા સાથે મળેલા છેઃ સાંસદ મનસુખ વસાવા

પ્રતિનિધિ,ગાંધીનગર

ભરૂચ લોકસભા બેઠકના ભાજપના વરીષ્ઠ સાંસદ મનસુખ વસાવા ફરી એકવાર પોતાની બેબાક ટીપ્પણી અને પક્ષના જ સંગઠન સામે સવાલો ઉઠાવવાને લઈને ચર્ચામાં આવ્યા છે. ડેડીયાપાડા ખાતે યોજાયેલા ભાજપના એક મનોમંથન કાર્યક્રમમાં સાંસદ મનસુખ વસાવાએ પક્ષના સ્થાનિક હોદ્દેદારો વિરૂધ્ધ જાહેરમાં ગંભીર આક્ષેપો કર્યા હતા. આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થતા નર્મદા અને ભરૂચના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. મનોમંથનના કાર્યક્રમમાં કાર્યકર્તાઓને સંબોધતા સાંસદ મનસુખ વસાવાએ જિલ્લા ભાજપ પ્રમુખ નીલરાવ અને મહામંત્રી હિતેશ વસાવા (ભોલો) વિરૂધ્ધ સીધો મોરચો ખોલ્યો હતો, તેમણે આકરા શબ્દોમાં કહ્યુ હતુ કે સામે પક્ષેથી ચૈતર વસાવા ડરાવે એ તો યોગ્ય છે, પરંતુ નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ અને મહામંત્રી પોતે જ જો કાર્યકર્તાઓને ડરાવે તો એનો અર્થ એ થયો ને કે તેઓ ચૈતર



વસાવા સાથે મળેલા છે. ભાજપ સાંસદ મનસુખ વસાવાએ ઉમેર્યુ હતુ કે જિલ્લા ભાજપ પ્રમુખ નીલરાવ ને કોઈનાથી ડરવાની જરૂર નથી. જો તમારે રાજકીય કેરીયર બનાવવુ હોય તો અમારી સાથે જોડાઈ જાવ, વરસોથી અમે પક્ષ માટે કામ કરીએ છીએ, તમે તો આજકાલના આવેલા છો, જિલ્લા મહામંત્રી હિતેશ વસાવા (ભોલો) પહેલા કયાં હતો ? તે ઓરીજનલ ભાજપનો નથી અને હમણાં અહી આદિવાસીઓને ડરાવવા નિકળી પડયા છો ? નીલ કયાં હતો અને તારૂ શું અસ્તિત્વ હતું ?

ચુંટણી પરીણામો અને આંતરીક જુથવાદ અંગે નિખાલસતાથી બોલતા સાંસદ મનસુખ વસાવાએ સ્વીકાર્યુ હતુ કે ચુંટણી હારવા માટે કદાચ મારી પણ કોઈ ભુલ હશે, પણ સરકારની યોજનાઓ વિશે ભોલાએ અને નીલે લોકો સુધી વાત જ નથી પહોચાડી, આ લોકો માત્ર સોશીયલ મીડીયામાં જ હિરો થઈ જાય છે, ડુમખલ ના પોપટનો ખોટો મુદ્દો ઉછાળવામાં આવ્યો, જેના કારણે પણ ભાજપને મોટુ નુકશાન થયુ છે. આ મુદ્દો જેણે ઉછાડયો તેને જ નુકશાન કર્યુ છે. આ ઈતિહાસ તો નીલભાઈ સાથે જોડાયેલી બાબત હતી. જેના પર કાદવ ઉછળતો હતો તે બચાવવા માટે જ તેમણે ડુમખલ ના પોપટનો નવો ઈતિહાસ રચી કાઢયો.

આમ આદમી પાર્ટી નેતા ચૈતર વસાવાના પત્ની વર્ષા વસાવાએ જાહેર મંચ પરથી આક્ષેપ કર્યો હતો કે ભાજપના સાંસદ મનસુખ વસાવા અને જિલ્લા પ્રમુખ નીલ રાવ વચ્ચે લાફાકાંડ થયો છે, આ અંગે ખુલાસો કરતા તેમણે જણાવ્યુ હતુ કે હા, અમારી વચ્ચે ચુંટણીના ફંડ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પરંતુ લાફા માર્યા હોવાની વાત તદ્દન ખોટી છે, હું સાચી અને મોઢામોઢ વાત કરૂ છું. એટલે લોકોને મનસુખ વસાવા અઘરા લાગે છે. હું હંમેશા કાર્યકરોની પડખે રહેનારો માણસ છું. અસંતોષ વ્યકત કરતા મનસુખ વસાવાએ કહ્યુ હતુ કે પક્ષે અમારી પાસેનુ રાજકીય ગણિત પણ જાણવુ જોઈતુ હતું, ચુંટણીમાં સીનીયર લોકોને પુછવામાં નથી આવ્યું, તેનુ જ આ પરીણામ આવ્યુ છે. સીનીયર નેતાઓ જયારે બોલે ત્યારે ગમે તે રીતે તેમનો અવાજ દબાવી દેવાની કોશિષ થાય છે. પાર્ટીમાં આવી રીતે નહી ચાલે, જો આમ જ ચાલશે તો પાર્ટી તુટી જશે.

ચૈતર વસાવા પર પ્રહારો કરતા મનસુખ વસાવાએ જણાવ્યુ હતુ કે ચૈતર વસાવાના હાથીના દાંત જેવા ચાવવાના અને દેખાડવાના જુદા છે, પીએમ મોદી જયારે ડેડીયાપાડા આવ્યા, ત્યારે તેમાં થયેલા ખર્ચનો ખોટો પ્રચાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ચૈતર વસાવાએ કર્યો હતો. તાજેતરમાં કરજણમાં બે આદિવાસી ડ્રાઈવરોને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો અને તેઓ રાજપીપળા સીવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આખા ગુજરાતમાં ફરતા ચૈતર વસાવા આ ગરીબ આદિવાસીઓ માટે કેમ કશુ બોલતા નથી ? આ ચૈતર જુઠો અને ઠગ છે તેને ઓળખવાની જરૂર છે. મેં આ મામલે રજુઆત કરી છે અને ડ્રાઈવરોને માર મારનાર સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

# વરતેજ રેલવે સ્ટેશન પર ડીઝલ ચોરીના કેસમાં ૪ આરોપીઓ દોષિત ઠર્યા, રેલવે અદાલતે રૂા.૪૦,૦૦૦ નો દંડ ફટકાર્યો

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળ આવેલા વરતેજ રેલવે સ્ટેશન પર રેલવેના ડીઝલ એન્જિનમાંથી ૧૫૦ લીટર ડીઝલ ચોરી થયાના કેસમાં રેલવે સુરક્ષા બળ (આરપીએફ), ભાવનગર દ્વારા કરવામાં આવેલી ત્વરિત અને અસરકારક કાર્યવાહીના પરિણામે ચાર આરોપીઓને ઝડપીને અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા. માનનીય રેલવે અદાલત, ભાવનગરએ તમામ આરોપીઓને દોષિત ઠરાવી કુલ રૂા.૪૦,૦૦૦/- નો દંડ ફટકાર્યો છે.

ઉલ્લેખનીય છે કે તા. ૧૪ જૂન ૨૦૨૫ના રોજ વરતેજ રેલવે સ્ટેશન પર ઉભેલા રેલવે ડીઝલ એન્જિનમાંથી અંદાજે ૧૫૦ લીટર ડીઝલની ચોરી થયાની ઘટના સામે આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરપીએફ ભાવનગરના ઈન્સ્પેક્ટર શ્રી કપિલકુમાર ચૌહાણના માર્ગદર્શન હેઠળ એક વિશેષ ટીમની રચના કરવામાં આવી હતી.

આ ટીમમાં ઉપ નિરીક્ષક શ્રી અશ્વિન વરુ, સહાયક ઉપ નિરીક્ષક શ્રી રામપ્રતાપ, કોન્સ્ટેબલ શ્રી ધર્મેશ ડાંગર, કોન્સ્ટેબલ શ્રી ફૈઝલ પાઠાણ તેમજ ક્રાઈમ બ્રાન્ચના શ્રી જગદીશ ડાંગરનો સમાવેશ થતો હતો.

ટીમે દિવસ-રાત સતત મહેનત, ટેકનિકલ તપાસ અને મળેલી માહિતીના આધારે તા. ૧૦ જુલાઈ ૨૦૨૫ના રોજ ચાર આરોપીઓને ઝડપી પાડ્યા અને ચોરી કરાયેલ ૧૫૦ લીટર ડીઝલ પણ જપ્ત કર્યું. ઝડપાયેલા આરોપીઓ વિરુદ્ધ રેલવે સંપત્તિ (ગેરકાયદેસર કબજો) અધિનિયમ, ૧૯૬૬ [Railway Property (Unlawful Possession) Act] ની કલમ ૩ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો અને તેમને માનનીય રેલવે અદાલત, ભાવનગરમાં રજૂ કરવામાં આવ્યા હતા. માનનીય રેલવે અદાલત, ભાવનગરના ન્યાયાધીશ શ્રી વાય. પી. શાહે કેસની ત્વરિત સુનાવણી કરીને ચારેય આરોપીઓને દોષિત ઠરાવ્યા અને તેમની સામે કુલ ?૪૦,૦૦૦/- નો આર્થિક દંડ ફટકાર્યો.

ડીઝલ ચોરીને ગંભીર આર્થિક ગુનો માનવામાં આવે છે. આવા ગુનાઓ માત્ર સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડતા નથી, પરંતુ રાષ્ટ્રીય સંસાધનોની હાનિ, પુરવઠા વ્યવસ્થામાં અવરોધ અને જાહેર આવક પર પ્રતિકૂળ અસર પણ કરે છે. રેલવે પ્રશાસન આવા ગુનાઓ પ્રત્યે શૂન્ય સહનશીલતાની નીતિ અપનાવી દોષિતો સામે કડક કાનૂની કાર્યવાહી સુનિશ્ચિત કરી રહ્યું છે. પશ્ચિમ રેલવે યાત્રિયો અને સામાન્ય નાગરિકોને અપીલ કરે છે કે તેઓ રેલવે સંપત્તિના સંરક્ષણમાં સહયોગ આપે અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગેની માહિતી તાત્કાલિક રેલવે સુરક્ષા દળ અથવા રેલવે પ્રશાસનને આપે.

# વડોદરા સ્ટેશન પર યાર્ડ રીમૉડિલિંગ કામને લીધે કેટલીકે ટ્રેનો પ્રભાવિત

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં વડોદરા સ્ટેશન પર બ્લૉક હેઠળ વડોદરા સ્ટેશન યાર્ડમાં યાર્ડ રીમૉડલિંગની સાથે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમના કમીશનીંગ કામ માટે નૉન ઈન્ટરલોકિંગ (NI) કામ કરવામાં આવી રહ્યું છે જેની શરૂઆત તારીખ ૧૬.૦૫.૨૬ થી કરવામાં આવી હતી. જેના હેઠળ કામ માટે ટ્રાફિક અને પાવર બ્લૉક લેવામાં આવી રહ્યા છે. આ કામ હેઠળ વડોદરા સ્ટેશન પર તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી ૨૦ જૂન, ૨૦૨૬ સુધી ટ્રાફિક અને પાવર બ્લૉક લેવામાં આવશે જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :

શોર્ટ ટર્મિનેશન/ઓરિજિનેશન ટ્રેનો :-

- ટ્રેન નંબર ૬૯૧૧૪ વટવા–વડોદરા મેમૂ તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે તથા બાજવા–વડોદરા વચ્ચે રદ રહેશે.
- ટ્રેન નંબર ૬૯૧૦૮ વટવા–વડોદરા મેમૂ તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે તથા બાજવા–વડોદરા વચ્ચે રદ રહેશે.
- ટ્રેન નંબર ૬૯૧૦૨ વટવા–વડોદરા મેમૂ તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે તથા બાજવા–વડોદરા વચ્ચે રદ રહેશે.
- ટ્રેન નંબર ૬૯૧૦૧ વડોદરા–વટવા મેમૂ તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.
- ટ્રેન નંબર ૬૯૧૧૫ વડોદરા–વટવા મેમૂ તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.
- ટ્રેન નંબર ૬૯૧૧૩ વડોદરા–વટવા મેમૂ તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.
- ટ્રેન નંબર ૬૯૧૦૭ વડોદરા–વટવા મેમૂ તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.
- ટ્રેન નંબર ૫૯૫૪૯ વડોદરા–વટવા પેસેન્જર ટ્રેન તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ સુધી પ્રતાપનગર સ્ટેશન પર સવારે ૫:૪૦ કલાકે શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે તથા વડોદરા સ્ટેશન પર ૦૬:૨૫/૦૬:૩૦ સુધી ૫ મિનિટનો સ્ટોપેજ હશે.
- ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા–જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે તથા વડોદરા–બાજવા વચ્ચે રદ રહેશે.
- ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર–વડોદરા પેસેન્જર ટ્રેન તારીખ ૨૧ મે, ૨૦૨૬ થી તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે તથા બાજવા-વડોદરા વચ્ચે રદ રહેશે.

યાત્રીઓને વિનંતી છે કે યાત્રાથી પહેલાં ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય અદ્યતન માહિતી માટે રેલવેની અધિકૃત વેબસાઈટ www. enquiry. indianrail. gov.in નું અવલોકન કરે.

# ગાંધીનગરમાં નીટ પેપર લીક મામલે ઉપવાસ પર બેસે તે પહેલા જ એનએસયુઆઈ કાર્યકરોની અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




નેશનલ એલીજીબીલીટી એન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ (એનઈઈટી) પરીક્ષાના પેપરલીક કૌભાંડને લઈને વિદ્યાર્થીઓના ભવિષ્યની રક્ષા કાજે નેશનલ સ્ટુન્ડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડીયા (એનએસયુઆઈ) દ્વારા આજે મંગળવારે ગાંધીનગરમાં મહાત્માં ગાંધીના ચીંધેલા માર્ગે શાંતિપૂર્ણ પરંતુ આક્રમક આંદોલન શરૂ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેના ભાગરૂપે અચોકકસ મુદતના આમરણાંત ઉપવાસ યોજાવવાના હતા.

જો કે આંદોલન શરૂ થાય તે પહેલા જ પોલીસે મોટો એકશન પ્લાન અમલમાં મુકીને એનએસયુઆઈના કાર્યકરોની અટકાયતનો દોર શરૂ કરી દીધો હતો. મળતી માહિતી અનુસાર નીટ ના પેપરલીક મુદ્દે દેખાવો કરવા માટે એનએસયુઆઈના કાર્યકરો આજે મંગળવારે ગાંધીનગર ઉપવાસ છાવણી ખાતે જવા રવાના થાય તે પહેલા જ વિરમગામ પોલીસ દ્વારા તેમની અટકાયત કરી લેવામાં આવી હતી.

આંદોલનને ઉગ્ર બનતુ અટકાવવા અને કાયદો વ્યવસ્થાની સ્થિતી જાળવી રાખવાના હેતુથી પોલીસે વહેલી સવારથી જ વોચ ગોઠવીને મુખ્ય કાર્યકરોને કસ્ટડીમાં લઈ લીધા હતા.

સત્યાગ્રહ છાવણી ખાતે વિદ્યાર્થીઓ અને વાલીઓને જોડાવવા માટે અપીલ કરાઈ હતી, પૂર્વ નિર્ધારીત જાહેરાત અને આયોજન અનુસાર આજે મંગળવારે સવારે ૯ વાગ્યાથી ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે આ આમરણાંત ઉપવાસ આંદોલન શરૂ થવાનુ હતું. એનએસયુઆઈ દ્વારા આ લડતમાં ન્યાયની અપેક્ષા રાખતા નીટ ના પીડીત વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને પણ મોટી સંખ્યામાં જોડાવવા માટે સત્તાવાર અપીલ કરવામાં આવી હતી. જેને પગલે મોટી સંખ્યામાં લોકો એકઠા થાય તેવી સંભાવના હતી.

આ સમગ્ર મામલે એનએસયુઆઈના પ્રવકતા સુધીર રાવલે તંત્ર સામે રોષ ઠાલવતા જણાવ્યુ હતુ કે આજે વહિવટી તંત્રની યોગ્ય પરમિશન સાથે આ ઉપવાસ આંદોલનનુ આયોજન કરવામાં આવ્યુ હતું. તેમ છતાં આંદોલન સ્થળ પર પહોચીએ તે પહેલા જ વિરમગામ ખાતે પોલીસ દ્વારા અમારી અટકાયત કરી લેવામાં આવી હતી.

પોલીસની આ કડકાઈના પગલે અમે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પહોચી શકયા ન હતા. કાર્યકરોની અટકાયત થતા અને પોલીસ દમનના ડર થી વાલીઓ પણ ત્યાં આવી શકયા ન હતા. જેથી હાલ પુરતુ આ આંદોલન અટકાવી દેવામાં આવ્યુ છે.

# કચ્છ જિલ્લામાં પેટ્રોલ- ડીઝલની ભારે અછતથી હાહાકારઃ પંપો પર વાહનોની કિલોમીટર લાંબી કતારો : કયાંક ઝપાઝપી તો કયાંક નો સ્ટોક ના બોર્ડ લાગ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

સમગ્ર કચ્છ જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલ ની ભારે અછત સર્જાતા જનજીવન સંપૂર્ણ રીતે પ્રભાવીત થયુ છે અને સામાન્ય લોકોમા ભારે હાહાકાર મચી ગયો છે. પેટ્રોલપંપો પર દિવસ-રાત વાહનોની લાંબી કતારો લાગી રહી છે અને લોકો કલાકો સુધી પોતાનો વારો આવવાની રાહ જોઈ રહ્યા છે. અનેક સ્થળોએ ઝપાઝપી જેવી પરિસ્થિતિ સર્જાતા તણાવનો માહોલ ઉભો થયો છે. જયારે કેટલાક પેટ્રોલ પંપ સંચાલકોએ સ્ટોક નથી કહીને પંપ બંધ કરી દીધા છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં રીક્ષાવાળા, છકડાવાળા અને દૈનિક કમાણી કરનારા લોકો સૌથી વધુ પરેશાન બન્યા છે અને પોતાના પરીવારનુ ગુજરાન ચલાવવા માટે એક એક લીટર ઈંધણ માટે રાતભર પંપ બહાર સુવા મજબુર બન્યા છે.

ખેડુતોના ટ્રેકટર ઉભા રહી ગયા છે, દુધની ગાડીઓ બંધ પડી છે અને સ્કુલ બસોની સેવા પણ ઠપ થઈ ગઈ છે. જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયુ છે. મોંઘવારીની વચ્ચે ઈંધણની અછતે લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે અને સ્થિતિ દિવસે ને દિવસે ગંભીર બની રહી છે.

કચ્છની જનતાએ તાત્કાલીક પેટ્રોલ-ડીઝલનો પુરતો પુરવઠો શરૂ કરવાની અને તંત્ર દ્વારા ઝડપી કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.



### ખાટુ શ્યામ મંદિરની બહાર ઉભેલા

# સોશ્યલ મીડિયા ઈન્ફલુએન્સર ભિખારીને માત્ર ૩ કલાકમાં મળ્યા રૂપિયા ૪૦૦૦!!

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણી સંસ્કૃતિમાં દાન, ધર્મ, વ્રત ઉપવાસને મહત્વ આપવામાં આવ્યું છે. એને લઈ આપણે મંદિર, મસ્જિદ કે દરગાહ અથવા અન્ય ધાર્મિક સ્થળોએ બેઠેલા ભિખારીને કંઈ ને કંઈ આપી પુણ્યનું ભાથું બાંધીએ છીએ.

ત્યારે રાજસ્થાનના પ્રસિદ્ધ ખાટું શ્યામ મંદિરની બહાર બનેલી એક અજીબોગરીબ ઘટના અત્યારે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની છે.

એક જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરે ફાટેલા કપડાં પહેરી, ભિક્ષુક બની હાથમાં વાડકો લઈ ત્રણ કલાક મંદિરની બહાર બેસીને ભીખ માંગી હતી. આ ૩ કલાકમા તેને મળેલી ભીખની રકમ જાણીને આંખો પહોળી થઈ જશે. ત્રણ જ કલાકમાં ૪૦૦૦ રૂપિયાથી વધુ રકમ ઈન્ફલુએન્સરે ભીખમાં મેળવી હતી. આ રકમ તો મધ્યમ વર્ગના લોકોની એક દિવસની કમાણી કરતા ઘણી વધારે છે. જો કે ઈન્ફલુએન્સરે આ વિડીયો સોશિયલ મીડિયા પર શેર કરીને કહ્યું હતું કે ભક્તિના ધામમાં લોકો એટલા ઉદાર હાથે દાન આપે છે કે ભીખ માંગવી એ પણ એક મોટો વ્યવસાય બની ગયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા પણ એક લખપતિ ભિખારીના સમાચારો ચમક્યા હતા. જેના ઘરમાંથી ૫૦૦, ૫૦૦ ની નોટોના બંડલો મળી આવ્યા હતા.આને કહેવાય વગર મૂડીનો ધંધો.

# ભાજપમાં મહાભારતઃ ભાવનગર જિલ્લાના મહુવા નગરપાલિકા પ્રમુખની વરણી બાદ ભાજપના બે જુથો વચ્ચે ધોકાવાળીઃ પબ્લીકે મફતમાં તમાશો જોયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં નગરપાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી બાદ ભારતીય જનતા પાર્ટીમાં આંતરીક વિખવાદ સરાજાહેર જોવા મળ્યો હતો. આ ઘટનામાં ભાજપના બે જુથ વચ્ચે લાકડીઓ અને ધોકા વડે મારામારી થઈ હતી. જેનો વિડીયો પણ સોશીયલ મીડીયામાં વાયરલ થયો હતો.

તાજેતરમાં મહુવા નગરપાલિકામાં મિતલબેન જોષીની મહિલા પ્રમુખ તરીકે અને જયપાલસિંહવાળાની ઉપપ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી હતી, આ વરણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભાજપના આંતરીક મતભેદો બહાર આવ્યા હતા. નગરસેવક એલ બી ભુત અને શહેર પ્રમુખ દિપક જાનીના સમર્થકો તેમજ આગેવાનો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી, જે ઝડપથી ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને મારામારીમાં પરીણામી હતી. મળતી વિગતો અનુસાર બંને જુથના કાર્યકરો અને આગેવાનો એકબીજા પર ધોકા અને લાકડીઓ વડે હુમલો કરતા જોવા મળ્યા હતા.




આ સમગ્ર ઘટના ભરબજારમાં અને પોલીસ ચોકીની બીલકુલ નજીક બની હતી. જે વધુ ચોંકાવનારી બાબત છે. સરાજાહેર થયેલી આ મારામારીના કારણે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડયા હોવાનુ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

આ ઘટનાને કારણે મહુવાના મુખ્ય માર્ગો પર ટ્રાફીકજામ પણ સર્જાયો હતો, લોકો આ દ્રશ્યો જોવા માટે ઉભા રહી ગયા હતા. જેનાથી પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી.

# કોંગ્રેસ પાર્ટીમાં મોટા પરીવર્તન થવાના છેઃ નવા સંગઠન સાથે નવા ચહેરાને અપાયુ આમંત્રણઃ ૨૦૨૭ની ચુંટણીઓને લઈ કોંગ્રેસ દ્વારા તૈયારીઓ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કોંગ્રેસ ના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષના નેતા તુષાર ચૌધરીનુ પ્રતિનિધિ મંડળ દિલ્હી દરબારમાં જઈ આવ્યું, હારના કારણોની સમીક્ષા કરવામાં આવી હોવાની ચર્ચા છે. કોંગ્રેસની હાર માટે જવાબદાર કોણ આ પ્રશ્ન હાર પછી પુછાતો રહે છે. કેન્દ્રીય નેતૃત્વ સમીક્ષા કરે છે અને ભવિષ્યમાં આમ ન થાય તેના માટે પગલા ભરશે તેવી ખાત્રી આપે છે. જો કે કોંગ્રેસનો કાર્યકર હાર માટે કોંગ્રેસના જ નેતાઓને જવાબદાર ગણે છે. જયારે નેતાઓ કોંગ્રેસના આંતરીક જુથવાદ ને જવાબદાર ગણીને સંતોષ માને છે. અત્યારે કોંગ્રેસનુ હારનુ ઠીકરૂ કોની પર ફોડવુ તેની શોધખોળ માં વ્યસ્ત છે. ત્યારે આ વચ્ચે મોટા અપડેટ આવ્યા છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં થયેલી કારમી હાર બાદ કોંગ્રેસમાં મોટા ફેરફાર થવાની શકયતા જોવાઈ રહી છે. કોંગ્રેસના સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર કોંગ્રેસના સંગઠનમાં જડમુડમાંથી ફેરફાર કરવામાં આવશે. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાને બાદ કરતા ઉપપ્રમુખ સહિત તમામ હોદ્દાઓ પર નવી નિમણુંક થશે, સંગઠનમાં યુવા વર્ગ અને નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવશે, ચુંટણી દરમિયાન જે લોકોએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી હતી, તેવા લોકોને હાંકી કાઢવામાં આવશે, સાથે જ સંગઠન વિશે ખોટી છાપ ઉભી કરનારા નેતાઓને બહારનો રસ્તો બતાવવામાં આવશે, ઉપરાંત ચુંટણીમાં નબળી કામગીરી કરનારા નેતાઓને દુર કરાશે, ઉલ્લેખનીય છે કે એવુ પણ ચર્ચાય છે કે સંગઠન સર્જન અભિયાન દરમિયાન જ આ ફેરફારો કરાવવાના હતા, શકિતસિંહ ગોહિલે રાજીનામુ આપ્યા બાદ અમિત ચાવડાને પ્રમુખ બનાવાયા હતા, ત્યારે જ નવા સંગઠનની જાહેરાત થવાની હતી, પરંતુ વચ્ચે જ ચુંટણી આવી ગઈ એટલે આ કામગીરી અટવાઈ હતી, તેથી હવે ચુંટણી પૂર્ણ થવાથી કોંગ્રેસમાં જલ્દી જ નવા સંગઠનની જાહેરાત થઈ શકે છે. આ સંગઠનને ગુજરાતમાં આવનારી વિધાનસભાની ચુંટણીઓની તૈયારીઓને લઈને જોવામાં આવી રહ્યુ છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં બેઠકો બિનહરીફ થઈ હતી અને અનેક બેઠકો પર ભાજપ જીતી ગયુ, ત્યારે કોંગ્રેસ દ્વારા આ અંગે જવાબ મંગાયો, ફોર્મ પરત ખેંચનારને કોંગ્રેસે કોની ભલામણથી ટીકીટ આપી હતી એનો જવાબ માંગ્યો, કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે તમામ જિલ્લા પ્રમુખો પાસે વિગતો સાથે રીપોર્ટ માંગ્યો છે. જિલ્લા પ્રમુખોએ ફોર્મ પરત ખેંચનારને કોની ભલામણથી ટીકીટ આપી એ જણાવવુ પડશે, જો કે કેટલાક જિલ્લા પ્રમુખોએ પ્રદેશ અધ્યક્ષને અરીસો બતાવ્યો, આણંદમાં ૧૫ બેઠકો બિનહરીફ થવા બાબતે પણ જવાબદારી નકકી થાય, અમદાવાદ મહાનગરપાલિકામાં થયેલી કારમી હાર બાદ શહેર કોંગ્રેસ પ્રમુખે કડક પગલા લેવાની શરૂઆત કરી છે. પાર્ટીમાંથી અપક્ષ લડનારા નેતાઓ, ફોર્મ પરત ખેંચનારા નેતાઓ કે જેમણે હજુ પક્ષ નથી છોડયો તેમણે તથા જેમણે ચુંટણી દરમિયાન પેનલના સ્થાને વ્યકિતગત પ્રચાર કર્યો છે તેમણે શો-કોઝ નોટીસ પાઠવી ખુલાસો માંગવામાં આવશે.

અમદાવાદ મનપાની ચુંટણીમાં કોંગ્રેસના પસંદ કરેલા ઉમેદવાર સાથે વોર્ડ પ્રમાણે બેઠકો યોજી સમીક્ષા કરવામાં આવશે. આગામી વિધાનસભામાં સારૂ પ્રદર્શન કરવા અત્યારથી કોંગ્રેસ કામગીરી શરૂ કરશે. શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે ભલે અમદાવાદ મનપામાં ભાજપનો વિજય થયો પણ લોકો ભાજપથી સંતુષ્ટ નથી, જેને ધ્યાને રાખી કોંગ્રેસ સંગઠનની પ્રક્રિયા શરૂ કરશે. ઉલ્લેખનીય છે કે ચુંટણી દરમિયાન યોગ્ય કામગીરી ન કરનારા ૬ વોર્ડ પ્રમુખોને શહેર કોંગ્રેસમાંથી પહેલા જ પદ મુકત કરવામાં આવ્યા છે. ગુજરાત કોંગ્રેસમાં મોટો ભડકો એ થયો છે કે પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ વરીષ્ઠ નેતા ઉમાકાંત માંકડ તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરાયા, અમદાવાદના ઉમાકાંત માંકડ ઉપરાંત સુરતના વરીષ્ઠ નેતા મકસુદબેગ મિરજા ને પણ પક્ષમાંથી બહારનો રસ્તો દેખાડાયો છે. બંને નેતાઓને પક્ષના પ્રભારી અને પ્રદેશ પ્રમુખ વિરૂધ્ધ સોશીયલ મીડીયા પર વાંધાજનક પોસ્ટ કરવા બદલ કોંગ્રેસ શિસ્ત સમિતિએ આકરૂ પગલુ લીધુ છે.

સુરત શહેર જિલ્લા કોંગ્રેસનો જુથવાદ જોવા મળ્યો છે. એક જ દિવસે એક જ સમયે કોંગ્રેસના બે અલગ અલગ કાર્યક્રમો યોજાયા હતા. ભટાર ખાતે કાર્યકારી પ્રમુખી ઈન્દ્રવિજયસિંહ ગોહિલની આગેવાનીમાં સંમેલન યોજાયુ હતું. તો કતારગામ ખાતે શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાની આગેવાનીમાં સમીક્ષા બેઠકનુ આયોજન કરાયુ હતું. જેમાં મુખ્ય વકતા તરીકે ગુજરાત કોંગ્રેસના પ્રભારી શ્રી નિવાસ ઉપસ્થિત રહ્યા હતા. એક જ દિવસે એક જ સમયે બે કાર્યક્રમ બતાવે છે. કોંગ્રેસ માં બધુ બરાબર નથી, બંને જુથોના શહેરમાં અલગ અલગ કાર્યક્રમો દ્વારા શકિતપ્રદર્શન કરવામાં આવ્યુ હતું. અમદાવાદ મહાનગરપાલિકા કોંગ્રેસના કારમો પરાજય બાદ કોંગ્રેસમાં વિખવાદ જોવા મળ્યો છે.

# આમ આદમી પાર્ટીએ મિશન-૨૦૨૭ માટે નવા સંગઠનની જાહેરાત કરીઃ ગોપાલ ઈટાલીયાએ ઉપપ્રમુખોના નામોની કરી જાહેરાત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટીના ગુજરાતના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પાર્ટીના નવા સંગઠનની જાહેરાત કરી છે. મિશન ૨૦૨૭ ને ધ્યાનમાં રાખીને આ નવી ટીમ તૈયાર કરવામાં આવી હોવાનુ તેમણે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું. ગોપાલ ઈટાલીયાના જણાવ્યા અનુસાર પ્રદેશ પ્રભારી ગોપાલ રાય ના માર્ગદર્શન હેઠળ અને પ્રદેશ નેતા ઈસુદાન ગઢવી તથા મનોજ સોરઠીયાના નેતૃત્વમાં સંગઠનનુ નવુ માળખુ ઉભુ કરવામાં આવ્યુ છે. પાર્ટીએ નવા ચહેરાઓને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપી છે.




ડો.જવેલ વસરા , કૈલાશદાન ગઢવી, રામ ધડુક, ગૌરી દેસાઈ, યુવરાજસિંહ જાડેજા, બિપીન ગામેતી, રાજુભાઈ વલવાઈ, મયુર સાકરીયા, રાજકરણ ઠાકોર, કાયનાત અંસારી આથા, જીગીષા પટેલ અને જયંતિભાઈ પ્રણામીને પ્રદેશ ઉપપ્રમુખ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. તે ઉપરાંત અનુપ શર્મા ને પ્રદેશ મંત્રી, પાયલ સાકરીયાને મહિલા મોરચા પ્રમુખ, બ્રિજરાજ સોલંકીને યુવા પ્રમુખ અને ધાર્મિક માથુકીયાને એએસએપી વિદ્યાર્થી પાંખના પ્રદેશ પ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. પાર્ટીએ સંગઠન મંત્રીઓ તરીકે ડો.કરણ બારોટ, વિક્રમ દવે, સંજયસિંહ રાજ, મહેશ અણધણ, નિરંજન વસાવા, બાબુભાઈ ડામોર, પ્રભાતસિંહ સોલંકી, જયદીપસિંહ ચૌહાણ, ધર્મેશ ભંડારી, કમલેશ પટેલ, નિકુંજ સાવલીયા, રાજુભાઈ બોરખતરીયા, અજીત લોખીલ અને ડો.કિરીટસિંહ રાણાની નિમણુંક કરી છે. ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે નવી ટીમના સહકારથી આગામી ૨૧ મે ના રોજ સમગ્ર ગુજરાતમાં મોંઘવારીના વિરોધમાં રાજયવ્યાપી કાર્યક્રમ યોજાશે, પાર્ટી આગામી વિધાનસભા ચુંટણીને ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ મજબુત બનાવવા પ્રયત્નશીલ હોવાનુ પણ તેમણે જણાવ્યુ હતું.

### વરઘોડો તો નીકળશે જ કહેનારા ગૃહમંત્રીના જ શહેર

# સુરતમાં ૧ ૨ દિવસમાં જ કુલ આઠ હત્યા થતાં જંગલરાજનો અહેસાસ

### ભાજપના મહિલા ધારાસભ્યની નજીકના ગણાતા મહિલા નેતાના એકના એક પુત્રની હત્યાથી શહેર સ્તબ્ધ!!

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુન્હેગારોના વરઘોડા તો નીકળશે જ, લંગડા પગે તો ચાલવું જ પડશે. આવી બેફામ વાણી જાહેરમાં ઉચ્ચારનારા રાજયના બહુબોલકા ગૃહમંત્રીને જાણે કે ગુન્હેગારો ચેલેન્જ ફેંકતા હોય એમ ભાજપના જ મહિલા નેતાના એકના એક પુત્રને ઉધના રોડ નંબર ૬ ઉપર અડધી રાત્રે જાહેરમાં રહેંસી નાંખી ગુન્હેગારોએ ગૃહમંત્રી એવા રાજયના નાયબ મુખ્યમંત્રી સહિત પોલીસ તંત્રને જાણે કે ચેલેન્જ કરી બતાવી દીધું છે કે જો ભાજપના જ નેતાના પુત્રની આ હાલત અમે કરીએ છીએ તો સામાન્ય માણસની શું વિસાત? આવો ગર્ભિત ભય પ્રજામાં આજની તારીખે વ્યાપેલો છે ત્યારે અહીં પ્રજાની સુરક્ષા અંગે સવાલો ઉભા તો જરૂર થાય છે.

સુરતના ઉધના રોડ નંબર ૬ ઉપર ભાજપના યુવા કાર્યકર જય દલાલની રાત્રે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ તીક્ષ્ણ હથિયારોના ઘા મારીને જાહેરમાં હત્યા કરવામાં આવતા સામાન્ય નાગરિકોમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું છે. મરનાર જય દલાલની માતા જયશ્રીબેન દલાલ પોતે પણ વોર્ડ નંબર ૨૭ માં ભાજપના સક્રિય મહિલા કાર્યકર છે. અને ભાજપના મહિલા ધારાસભ્ય સંગીતાબેન પાટીલની અત્યંત નજીકના ગણાવાની સાથે ધારાસભ્ય સાથે સક્રિય રહી સંગઠનમાં કાર્યરત પણ છે.

આ બાબતે સુરતના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) ચિરાગ વડોદરિયાએ જણાવ્યું હતું કે "રવિવારે રાતે BJPના યુવા મોરચાના પ્રમુખ જય દલાલ અને તેના મિત્રો ભંગાર ની દુકાન પાસે ઉભા હતા ત્યારે કિશન ઉર્ફે ચકલી પરમાર, પંકજ પાટીલ અને મિલિંદ કોળી ટુ-વ્હીલર પર આવ્યા હતા. આ ત્રણે જણે જયને ચપ્પુના ઘા માર્યા હતા. જયને હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દારમ્યાન તેનું મૃત્યુ થયું હતું. પ્રાથમિક રીતે એવું જણાઈ આવ્યું છે કે ૩ મહિના પહેલાં જય અને આરોપીઓ વચ્ચે ઝઘડો થયો હતો. એને લઈને આ હત્યા થઈ હોવાનું પણ માનવામાં આવે છે.

વધુમાં આધારભૂત સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર ગુન્હેગારોને શંકા હતી કે મરનાર જયે પોતાને (ગુન્હેગારો)ને પાસા કરાવ્યા હતા. એ પણ એક કારણ હતું.

ઉપરાંત ત્રણેક માસ પહેલા મોપેડનું વ્હીલ વાગતા થયેલો ઝઘડો પણ શંકાનું કારણ છે. આ ઉપરાંત જ્યાં આ ભાજપના યુવા નેતાની હત્યા થઈ એ ઉધના રોડ નંબર-૬ ભંગારની દુકાન પાસે આશરે પાંચેક માસ પહેલા દારૂ નો ધંધો શરૂ થયો હતો. જે એકાએક બંધ પણ થઈ ગયો હતો. જેમાં એવી ચર્ચા એ પણ જોર પકડયુ છે કે એમાં મરનાર જયનું હિત હતું. જો કે આ એક ચર્ચા જ છે. હાલમાં તો ઉધના પોલીસ આ બાબતે ગંભીરતા પૂર્વક તપાસ કરી રહી છે.

# ગુજરાતમાં ચિંતાજનક સ્થિતિ : એકલા અમદાવાદમાં જ ૫૩ હજારથી વધુ બાળકોએ સ્કુલો છોડી દીધી

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત મોડેલ અને શિક્ષણના મોટા મોટા દાવાઓ વચ્ચે એક અત્યંત ચોંકાવનારો અને ચિંતાજનક અહેવાલ બહાર આવ્યો છે. દેશના આર્થિક અને શૈક્ષણિક નકશા પર અગ્રેસર ગણાતા અમદાવાદ જિલ્લામાં જ શિક્ષણનું સ્તર ચિંતાજનક મોડ પર આવીને ઉભુ રહ્યુ છે. તાજેતરમાં હાથ ધરાયેલા એક આંતરીક સર્વેક્ષણમાં બહાર આવ્યુ છે કે એકલા અમદાવાદ જિલ્લામાં જ ૫૩ હજારથી વધુ બાળકોએ શાળા છોડી દીધી છે. ડીઝીટલ ઈન્ડીયા અને સુપરફાસ્ટ પ્રોગ્રેસના જમાનામાં આ આંકડો આપણી શિક્ષણ વ્યવસ્થા અને સામાજિક માનસિકતા સામે મોટા સવાલો ઉભા કરે છે.

આ સમસ્યા માત્ર સ્થાનિક સ્તરે જ નહી, પરંતુ રાષ્ટ્રીય સ્તરે પણ એટલી જ ગંભીર છે. નીતિ આયોગના તાજેતરના રીપોર્ટ મુજબ દેશમાં સ્કુલ ડ્રોપ આઉટ રેશિયો હજુ પણ ઘણો ઉંચો છે. સરકાર દ્વારા બેટી બચાવો, બેટી પઢાવો અને સર્વ શિક્ષા અભિયાન જેવી અબજો રૂપીયાની યોજનાઓ ચલાવવામાં આવી રહી હોવા છતાં ગ્રાઉન્ડ રીયાલીટી કંઈક અલગ જ વાર્તા કહી રહી છે. નીતિ આયોગના આ ચિંતાજનક અહેવાલ વચ્ચે જ અમદાવાદ જિલ્લાના આ ચોંકાવનારા આંકડાએ શિક્ષણ વિભાગની ઉંઘ ઉડાડી દીધી છે. માત્ર અમદાવાદ જિલ્લામાં જ ૫૩ હજારથી વધુ બાળકો શાળાએ જતા બંધ થયા છે, ૧૪ હજાર થી વધુ બાળકોના વાલીઓએ પોતાના સંતાનોને આગળ ભણાવવાની સ્પષ્ટ ના પાડી દીધી છે,પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અધવચ્ચે જ છોડી દેનારાઓમાં ગરીબ અને મધ્યમવર્ગ ના બાળકોની સંખ્યા સૌથી વધુ છે. આ સર્વેક્ષણ દરમિયાન જે સૌથી વધુ આંચકાજનક બાબત બહાર આવી છે તે એ છે કે ૧૪ હજારથી વધુ બાળકોના વાલીઓએ પોતાના બાળકોને આગળ અભ્યાસ કરાવવા માટે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. જયારે સર્વે કરનારી ટીમે આ વાલીઓનો સંપર્ક કર્યો ત્યારે તેમના તરફથી મળેલા જવાબો આંખો ઉઘાડનારા હતા. મોંઘા થતા જતા શિક્ષણ અને ઘર ચલાવવા માટે બાળકોની મજુરી કે કમાણી પર નિર્ભરતા, શિક્ષણ મેળવ્યા પછી પણ નોકરી ન મળવાનો ડર અથવા ડીગ્રીની કોઈ કિંમત ન હોવાની માનસિકતા, નાની ઉંમરે જ ભાઈ બહેનોને સાચવવાની કે ઘરકામમાં મદદ કરવાની મજબુરી. કોઈપણ રાજય કે દેશનુ ભવિષ્ય તેના કલાસરૂમમાં ઘડાતુ હોય છે, જો દેશના સૌથી પ્રગતિશીલ રાજયોમાંના એક એવા ગુજરાતના મેગા સીટી અમદાવાદમાં જ ૫૩ હજાર બાળકો શાળા બહાર જતા હોય તો તે ભવિષ્યના અશિક્ષિત અને બિનકુશળ ભારતના નિર્માણ તરફ ઈશારો કરે છે. આ બાળકો મોટા થઈને બાળમજુરી અથવા અસામાજિક પ્રવૃત્તિઓ તરફ ધકેલાય તેવી પુરેપુરી સંભાવના છે. આ સ્થિતિ માત્ર સરકાર કે શિક્ષણ વિભાગ પુરતી સિમિત નથી, પરંતુ સમગ્ર સમાજ માટે ચિંતાનો વિષય છે. માત્ર કાગળ પર જ યોજનાઓ બનાવવાને બદલે ડ્રોપ આઉટ થતા બાળકોના ઘરે જઈને કાઉન્સેલીંગ કરવુ જરૂરી છે. જે વાલીઓ ગરીબીના કારણે બાળકોને નથી ભણાવી શકતા, તેમને વિશેષ શિષ્યવૃત્તિ કે આર્થિક પેકેજ મળવુ જોઈએ. શિક્ષણ એ બોજ નહી પણ ભવિષ્ય સુધારવાનુ હથિયાર છે. તે બાબત વાલીઓને ગળે ઉતારવી પડશે.

# ગુજરાતમાં બેવડો વિરોધઃ આજે મેડીકલ સ્ટોર્સ બંધઃ રીક્ષા ચાલકો પણ લડતના મુડમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

વર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારી વચ્ચે ગુજરાતમાં રીક્ષા ચાલકો સહિત વેપારી આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. એકતરફ દવાના છુટક વેપારીઓ ઓનલાઈન ફાર્મસીના વિરોધમાં રસ્તા પર ઉતર્યા છે. તો બીજી તરફ રીક્ષા ચાલકો સીએનજી ગેસના સતત વધતા ભાવને લઈને લડતના મુડમાં છે, દવાના છુટક વેપારમાં ઓનલાઈન ફાર્મસીના વધતા વ્યાપને કારણે નાના વેપારીઓને થતા નુકશાન સામે અમદાવાદ કેમિસ્ટ એસોસીએશન દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ છે. વેપારીઓના હિતના રક્ષણ માટે આજે તારીખ ૨૦ મે બુધવારના રોજ અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાત અને દેશભરના તમામ મેડીકલ સ્ટોર્સ એક દિવસ માટે પ્રતિકાત્મક બંધ પાળશે,




કેમિસ્ટોની મુખ્ય માંગ છે કે વેપારીઓના હીતમાં ઓનલાઈન દવાના વેપાર પર સરકાર દ્વારા યોગ્ય નિયંત્રણો લાદવામાં આવે,

જો કે બંધ દરમિયાન સામાન્ય જનતાને હાલાકી ન પડે તે માટે સરકારી અને મ્યુનિસીપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોના મેડીકલ સ્ટોર્સ ખુલ્લા રાખવામાં આવશે, ઈમરજન્સીના કિસ્સામાં કોઈ દર્દીને દવાની તાકીદે જરૂરીયાત ઉભી થાય તો સંસ્થાની ઓફીસ પર સંપર્ક કરીને દવા મેળવી શકશે, તો બીજી તરફ સીએનજી ગેસના ભાવમાં સતત થઈ રહેલા વધારાને કારણે રીક્ષા ચાલકોની આર્થિક સ્થિતિ કફોડી બની છે. થોડા દિવસો અગાઉ જ જે ગેસ રૂપીયા ૮૩.૭૭ ના ભાવે મળતો હતો, તેમાં રૂપીયા ૨.૨૫ નો ઝીંકાયેલો વધારો હવે રૂપીયા ૮૬.૦૨ પર પહોચી ગયો છે. રીક્ષા એસોસીએશને ચીમકી ઉચ્ચારી છે કે ગેસ અને પેટ્રોલના ભાવ વચ્ચે હવે કોઈ મોટો તફાવત રહ્યો નથી. જો સરકાર આ ભાવ વધારો તાકીદે પાછો નહી ખેંચે તો રીક્ષા ચાલકો આગામી દિવસોમાં મજબુરીમાં પેટ્રોલથી રીક્ષા ચલાવીને અનોખો વિરોધ નોંધાવશે અથવા ઉગ્ર આંદોલન કરશે. રીક્ષા યુનિયને આક્ષેપ કર્યો છે કે છેલ્લા ચાર વરસથી ગેરકાયદેસર રીતે દોડતી સફેદ નંબર પ્લેટવાળી બાઈક ટેક્ષીને કારણે રીક્ષા ચાલકોના મોમોથી કોળીયો છીનવાઈ રહ્યો છે અને તેમના ધંધા પર માઠી અસર પડી રહી છે. શહેરમાં દોડતી આ ગેરકાયદેસર બાઈક ટેક્ષીઓ બંધ કરવા માટે ઉચ્ચસ્તરે રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત રીક્ષા યુનિયનની માંગ છે કે મહારાષ્ટ્ર અને દિલ્હીના ધોરણે ગુજરાતમાં પણ ઓટો રીક્ષાનુ ભાડુ નકકી કરવા માટેની એક ચોકકસ કાયમી ફોર્મ્યુલા બનાવવામાં આવે, આમ કરવાથી વારંવાર સરકાર પાસે ભાડા વધારાની માંગણી કરવી ન પડે અને બંધારણના આર્ટીકલ ૧૪ મુજબ તેમને સમાન ન્યાયનો અધિકાર મળે.

# હિંમતનગર નગરપાલિકાના નવા હોદ્દેદારોની લાંબા સમયથી જોવાતી નિમણુંકની આતુરતાનો અંત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

હિંમતનગર નગરપાલિકાના નવા હોદ્દેદારોની નિમણુંકની લાંબા સમયથી જોવાતી આતુરતાનો અંત આવ્યો છે અને ભાજપ પક્ષ દ્વારા સત્તાવાર રીતે નામોની જાહેરાત કરવામાં આવી છે. હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ તરીકે અરૂણાબેન કડીયાની વરણી કરવામાં આવી છે. જયારે ઉપપ્રમુખ તરીકે ગોપાલસિંહજી રાઠોડ જવાબદારી સંભાળશે, આ ઉપરાંત કારોબારી ચેરમેન તરીકે રાહુલભાઈ પટેલ, શાસક પક્ષના નેતા તરીકે શશીકાંત સોલંકી અને દંડક તરીકે રાજુભાઈ શર્માની નિમણુંક કરવામાં આવી છે. પક્ષ દ્વારા જાહેર કરાયેલા આ નવા નેતૃત્વને પગલે કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને આગામી સમયમાં શહેરના વિકાસ કામોને નવી ગતિ મળશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

